# ઈસુ બોલાવે છે

ISU BOLAVE CHHE - VOL. 19 ISSUE 6 - 36 PAGES - RS. 21/-

ઑક્ટોબર ૨૦૨૧



...તમારા આકાશમાંના પિતાની

## પાસે જેઓ માગે છે તેઓને

### કેટલાં વિશેષે કરીને તે સારાં વાનાં આપશે?

(માથ્થી ૭:૧૧)

## દિનાકરન
સાથે પ્રભુના પ્રેમની ઉજવણી

ડૉ.પૉલ દિનાકરન અને તેમના પરિવારજનો દ્વારા ફેમિલી ચેનલ પર કાર્યક્રમો પ્રસારીત કરવામાં આવે છે

Family
CELEBRATING LOVE

૨૪ કલાક ચાલતી તમિલ ટી.વી. ચેનલ
(જે ફેમિલી ચેનલ તરીકે ઓળખાય છે)

### ૭૫ મા સ્વાતંત્ર્ય દિને
### ફેમિલી ચેનલની ભારતમાં ઉજવણી

**સવારના ૭:૦૦ થી રાતના ૧૧:૦૦ દરમ્યાન ફેમિલી ચેનલ દ્વારા આખા ભારતમાં ૧૦૦ પ્રાર્થના ભવનોમાં તેમજ વિવિધ કાર્યક્રમોના દેશપ્રેમી દર્શકો દ્વારા પ્રગટ કરવામાં આવેલ રાષ્ટ્રપ્રેમને પ્રગટ કરવામાં આવ્યો હતો.**

*૧૫ ઑગસ્ટ ૨૦૨૧ના રોજ પ્રસારિત કરવામાં આવેલા કાર્યક્રમોની યાદી નીચે મુજબ છે*

- ✦ રાષ્ટ્રપ્રેમી ગીતો સાથે પાદલ વેલાઇ
- ✦ કારુણ્યા યુનિવર્સિટી દ્વારા ધ્વજારોહણ
- ✦ કારુણ્યાના વિદ્યાર્થીઓનું દેશભક્તિનું ગીત
- ✦ બેથેસ્દા દ્વારા સ્વાતંત્ર્ય દિન માટેનો ખાસ કાર્યક્રમ
- ✦ ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઇવેન્જલિન પૉલ દિનાકરન દ્વારા ખાસ સંદેશ
- ✦ ભારતભરના પ્રાર્થના ભવનો દ્વારા શુભેચ્છાઓ અને પ્રાર્થના
- ✦ સીશાનું ખાસ પટ્ટિમંદ્રમ
- ✦ સ્વાતંત્ર દિનનું ખાસ કુટ્ટિસ ગલટ્ટા
- ✦ એક ખાસ સંદેશ અને પ્રાર્થના સાથે બહેન સ્ટેલા દિનાકરનના નવા પુસ્તકનું વિમોચન (જીવંત પ્રસારણ)

*આવો, આપણે દરરોજ આપણા દેશની એકતા અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરીએ.*



## દીકરાના લગ્ન નક્કી થયા

ઘણા વર્ષો પહેલાં મારા પતિ મારા નવા જન્મેલા દીકરાને અને મને મૂકી દીધી હતી તેથી મારું હૃદય ભંગીત હતું. મેં એકલા હાથે તેને મોટો કર્યો અને સારું શિક્ષણ આપ્યું. જ્યારે મારા દીકરાની લગ્નની ઉંમર થઇ ત્યારે અમારા પરિવારની પૂર્વભૂમિકાને લીધે કોઇ તેને પોતાની છોકરી આપવા માટે તૈયાર નહોતું. ઘણાં પાત્રોએ મારા દીકરાનો નકાર કર્યો હતો. તેથી મારું હૃદય ખૂબ જ ભંગીત હતું, ૧૧ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ હું ભારે મન સાથે ફેમિલી



ચેનલ પર એક કાર્યક્રમ નિહાળી રહી હતી, જેમાં ડૉ.પૉલ દિનાકરને કહ્યું કે, “બહેન ધનલક્ષ્મી, તમારા દીકરાના ભવિષ્ય માટે તમે ખૂબ જ ચિંતિત છો. આપણા પ્રભુ ઈસુ તેનું કૌટુંબિક જીવન બાંધશે.” હું ખૂબ જ આનંદિત થઇ. તે સમય પછી તરત એક પ્રસ્તાવ આવ્યો અને મારા દીકરાના લગ્ન નક્કી થયા અને સારી રીતે લગ્ન થઇ શક્યાં. મારી પુત્રવધુ ગર્ભવતી છે અને આ તેના ગર્ભધારણનો છઠ્ઠો મહિનો છે. પ્રભુ ઈસુએ મારા શોકને આનંદમાં બદલી નાખ્યો છે. પ્રભુની સ્તુતિ થાઓ.

**- ધનલક્ષ્મી,** ઈરોડ


WATCH ON CABLE NETWORKS

| | | | |
|---|---|---|---|
| 175 | SCV | 800 | CTN |
| 750 | TCCL | 977 | EAGLE TV IPTV |
| 595 | JPR | 977 | RED SKY IPTV |
| 725 | VK DIGITAL | | |
| 599 | ARASU CABLE | | |
| 173 | BEE TV IPTV | | |
| 200 | AMN | | |
| 677 | AKSHYA | | |

Roku D9RRK5Z
App Store
Google Play
amazon fire TV
androidtv
WATCH ONLINE
www.familychannel.org
FOLLOW US ON : /FAMILY CHANNEL
If you would like to advertise or require a slot to place your programs in our Family Channel
promotion@truefriend.co.in +91 95001 55588



# તમારી ભેટોને ખોલો

ડૉ. પૉલ દિનાકરન

**મારા** મૂલ્યવાન મિત્ર, તમે જીવંત પ્રભુના વહાલાં સંતાન છો. તે હંમેશા તમારી સંભાળ રાખે છે કેમ કે તમે પ્રભુના પગલામાં પગ મૂકીને ચાલવા માટે તમારું સર્વસ્વ સોંપી દીધું છે. બીશો નહિ. પ્રભુ તમને પોતાના જેવાં જ મૂલ્યવાન ગણે છે. તમે તેમનો ભાગ છો. તે તમને ક્યારેય મૂકી દેશે નહિ અને તજી દેશે નહિ.

હું તમને આ મહિનાનું વચન જણાવવા માગું છું. તે માથ્થી ૭:૧૧માં આપેલ છે.

*“તે માટે જો તમે ભૂંડાં છતાં તમારાં છોકરાંઓને સારાં વાનાં આપી જાણો છો, તો તમારા આકાશમાંના બાપની પાસે જેઓ માગે છે તેઓને કેટલાં વિશેષે કરીને તે સારાં વાનાં આપશે?”*

અહીં પ્રભુ ઈસુ કહે છે કે ‘જો તમે ભૂંડુ કર્યા કરો છો છતાં પણ તમારા છોકરાંને સારા વાનાં આપો છો તો તમારા આકાશમાંના બાપની પાસે જેઓ માગે છે તેઓને તે કેટલાં વિશેષે કરીને સારાં વાનાં આપશે?’ જગત ફક્ત દુષ્ટતા જ આપે છે પણ પ્રભુ સઘળા સારાં વાનાં આપે છે. આ જગતની દુષ્ટતા તમને ઘેરશે, તમે અંધકારથી ઘેરાઈ જશો, તમારા આશીર્વાદોને રોકવાનો પ્રયત્ના કરશે એટલા જ વધારે પ્રભુ તમને પોતાની ભલાઈથી વધારશે અને સારા વાનાં આપશે. પ્રભુની ભલાઈની વૃદ્ધિ થશે ત્યારે કોઈ અડચણ રહી શકશે નહિ. હા, ઈશ્વરના આશીર્વાદોને તમારી પાસે આવતાં કોઈ રોકી શકશે નહિ.

યૂસફનું જીવન આ સત્યને સ્પષ્ટપણે યૂસફ તેના પિતાનો મનપસંદ દીકરો હતો અને તેથી તેના પિતાએ તેને રંગીન ઝભ્ભો આપ્યો હતો. તેનાથી તેના ભાઈઓને ઈર્ષા થઈ હતી. તેમણે તેના વિરુદ્ધ કાવતરું કરીને તેને એક ખાડામાં નાખી દીધો, અને




પછી તેને ગુલામ તરીકે વેચી દીધો. તે જે ઘરમાં ગુલામ તરીકે હતો ત્યાં તેના પર ખોટો આરોપ મૂકવામાં આવ્યો અને તેને બંદીખાનામાં નાખવામાં આવ્યો. બંદીખાનામાં તેણે જેને મદદ કરી તે જ્યારે બંદીખાનામાંથી છૂટ્યો ત્યારે તેને ભૂલી ગયો. પરંતુ ઈશ્વરના માર્ગો અલગ છે. ઈશ્વરે યૂસફને વેચાઇ જતાં રોક્યો નહિ, બંદીખાનામાં જતાં રોક્યો નહિ અને તેના પર અન્યાય થતાં રોક્યો નહિ.

પ્રભુએ તેને પોતાના દિવ્ય આત્માથી અને પ્રકટીકરણના કૃપાદાનથી એવો અભિષિક્ત કર્યો કે ફારૂને એમ કહીને તે વાતને સ્વીકારી કે, "જેનામાં દેવનો આત્મા હોય, એવો આના જેવો શું કોઇ માણસ આપણને મળે?" (ઉત્પત્તિ ૪૧:૩૮). મારા મૂલ્યવાન મિત્ર, કદાચ તમારી પાસેથી બધું જ અન્યાયીપણે લઇ લેવામાં આવ્યું હશે. તમે કદાચ એવી અપેક્ષા રાખતા હશો કે પ્રભુ તમારી પરિસ્થિતિમાં હસ્તક્ષેપ કરે અને તમે જે ગુમાવ્યું છે તે પાછું આપે. પરંતુ પ્રભુ જગત પાસેથી તે લઇને પુનઃસ્થાપિત કરતા નથી. પરંતુ તેને બદલે પ્રભુ તો તમને તેમની પાસે જે છે એ ભલી બાબતોથી ભરપૂર કરે છે. હા, પ્રભુ ભલા છે અને તેમની પાસે ભલાઇનું ભરપૂરીપણું છે. જગત તમારું નુક્સાન કરવાનો ઇરાદો રાખે પણ ઈશ્વર તેને તમારા જીવન માટેની પોતાની યોજના અને હેતુ પ્રમાણે ભલાઇમાં પરિવર્તિત કરશે (ઉત્પત્તિ ૫૦:૨૦). પ્રભુ આ મહિને તમને આ વચન આપે છે. મારા વહાલા મિત્ર, પ્રભુ તમારા જીવનમાં જે ભેટ આપી રહ્યા છે એ તો તેમની ભલાઇ છે. સારા પાળક તરીકે પ્રભુ તમને પોતાની ભલાઇ આપે છે (ગી.શા. ૨૩:૬), અને તે ક્યારેય તમારું ભલું કરવાનું બંધ કરશે નહિ (યર્મિયા ૩૨:૪૦).

### શા માટે અને કેવી રીતે આ ભલાઇ પ્રાપ્ત થાય છે

***"જેણે પોતાના દીકરાને પાછો રાખ્યો નહિ, પણ આપણ સર્વને માટે તેને સોંપી દીધો, તે કૃપા કરીને આપણને તેની સાથે બધુંએ કેમ નહિ આપશે?"*** (રોમનોને પત્ર ૮:૩૨)

ઈસુ માનવ દેહમાં ઈશ્વર છે, તેમણે પોતાની જાતનું બલિદાન આપ્યું છે. હા, તેમણે કિંમત ચૂકવી છે તેથી જ્યારે તમે ઈસુનું નામ પોકારો છો ત્યારે તમને આ બધી ભેટો મળશે.

### ચતુર્ભૂજ ભેટો

**ઈસુનું ન્યાયીપણું**

***"પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે."***

(માથ્થી ૬:૩૩)

હા, તમે જે સૌથી સારી ભેટ પ્રાપ્ત કરી શકો એ તો ઈસુ ખ્રિસ્તનું ન્યાયીપણું છે. તમને જોનારા દરેક વ્યક્તિ તમને ન્યાયી કહેશે. આ મહિને પ્રભુ તમારા જીવનને પોતાના ન્યાયીપણાથી ભરશે - તમે ઈશ્વરની અને માણસની આગળ ન્યાયી થશો.

**દિવ્ય શાંતિ**

***"કેમ કે દેવનું રાજ્ય તો ખાવાપીવામાં નથી; પણ ન્યાયીપણું, શાંતિ અને પવિત્ર આત્માથી મળતો આનંદ એઓમાં છે."*** (રોમનોને પત્ર ૧૪:૧૭)

ન્યાયીપણાની સાથે-સાથે તમે ઈસુની શાંતિ પ્રાપ્ત કરશો. તે ઈસુ ખ્રિસ્તનો સ્વભાવ છે. યોહાન ૧૪:૨૬માં આપેલા વચન મુજબ ઈસુ તમને પોતાની દિવ્ય શાંતિ આપશે, જે જગત તમને ક્યારેય આપી શકતું નથી.

**પવિત્ર આત્માનો આનંદ**

આનંદ તો પવિત્ર આત્માના ફળનો એક ગુણ છે (ગલાતીઓને પત્ર ૫:૨૨). જ્યારે ઈશ્વરનું સામર્થ્ય અને જ્ઞાન તમને આ જગતમાં ઈશ્વરની ઇચ્છા મુજબનું કામ કરવા માટે મદદ કરે છે ત્યારે આનંદ પ્રાપ્ત થાય છે.

જ્યારે મારી બહેન એન્જલનું નિધન થયું ત્યારે અમે દુઃખથી ભરાઇ ગયા હતા. બીજી તરફ અમે એવો વિચાર કર્યો હતો કે બધા અમારી વિરુદ્ધ છે અને ટીકા કરી રહ્યા છે. ફક્ત ૦.૧% લોકો જ ભૂંડું બોલતા હતા જ્યારે ૯૯.૯% લોકોએ અમારા પર પ્રેમ રાખ્યો હતો અને અમારી સાથે વિલાપ કર્યો હતો. પરંતુ ભૂંડા આત્માઓ અમને એમ કહેવાનો પ્રયત્ન કરી રહ્યા હતા કે, "બધા તમારી ટીકા કરી રહ્યા છે, અને તમે આ જગતનો સામનો કરી શકતા નથી કે સેવાકાર્યને આગળ વધારી શકતા નથી. ઈશ્વરે પણ તમને છોડી દીધા છે, કેમ કે તમારામાં કોઇ ગુપ્ત પાપ છે." પરંતુ એક દિવસે સવારે અમારી કૌટુંબિક પ્રાર્થનામાં પવિત્ર આત્મા અમારા પર ઉતરી આવ્યો અને અમે આત્મામાં આનંદિત થયા. અમે હસવા લાગ્યા. હા, અમે પ્રભુના આનંદથી ભરાઇ ગયા હતા અને તેનાથી અમે અમારા આત્માઓમાં બળ પ્રાપ્ત કર્યું હતું. પવિત્ર આત્માના એ બળને લીધે અમે કારુણ્યાની સ્થાપના કરી શક્યા અને તેને આગળ ચલાવી રહ્યા છીએ. માનવીય સ્વભાવ દ્વારા જે ન થઇ શક્યું તેને સર્વશક્તિમાન ઈશ્વરે એક જ ક્ષણમાં કરી દીધું. એ પવિત્ર આત્માના આનંદનું સામર્થ્ય છે.

### અલૌકિક બળ

તમારા જીવનની સૌથી નિર્બળ પળોમાં ઈશ્વરનું સામર્થ્ય સંપૂર્ણ થશે.

***"તારે વાસ્તે મારી કૃપા બસ છે; કેમ કે મારું સામર્થ્ય નિર્બળતામાં સંપૂર્ણ થાય છે."*** (૨ કરિંથીઓને પત્ર ૧૨:૯)

પવિત્ર આત્માના બળ દ્વારા તમે ગરૂડની પેઠે ઉડશો અને બધા કાર્યો કરશો.

આ મહિને પ્રભુ તમને આ સઘળી સારી ભેટો આપશે. તમારા જીવનમાં દરેક દુષ્ટ શક્તિઓ અને વ્યક્તિઓ પર વિજય મેળવવા માટે પવિત્ર આત્માનો આનંદ; પ્રભુ ઈસુ સાથે સંગત રાખવા માટે દિવ્ય શાંતિ; અને ઈશ્વરનું ન્યાયીપણું આપશે. એ જ વાત વિષે આપણે માથ્થી ૬:૨૫-૩૪માં વાંચીએ છીએ. તમે શું ખાશો, કે શું પીશો, કે શું પહેરશો અથવા કેવી રીતે જીવન જીવશો તેની ચિંતા કરશો નહિ. ભવિષ્યની જરા પણ ચિંતા કરશો નહિ. તમે પ્રભુના ન્યાયીપણાને, શાંતિને અને ઈશ્વરની ઇચ્છાને પૂરી કરવા માટે પવિત્ર આત્માના આનંદને શોધશો ત્યારે પ્રભુ પોતાના મહિમાની સંપત પ્રમાણે તમારી સઘળી જરૂરિયાતો પૂરી પાડશે (ફિલિપીઓને પત્ર ૪:૧૯). પ્રભુ પોતાની સારી ભેટો આપવા દ્વારા તમારા જીવનને ભરી દેશે. હા, મારા વહાલાંઓ, હું તમારા પર અને તમારા કુટુંબ પર આ આશીર્વાદની ઘોષણા કરું છું.

***મારા સ્વર્ગીય પિતા,***

***આ મહિને તમે જે અદ્દભુત વચન આપ્યું છે તેના માટે આભાર. પિતા, તમે સારાં વાનાં અને સારી ભેટો આપનાર પ્રભુ છો. તમારા વચન મુજબ મને તમારા ન્યાયીપણાથી, શાંતિથી અને પવિત્ર આત્માના આનંદ તથા દિવ્ય બળથી ભરો. પ્રભુ, તમારા મહિમાની સંપત પ્રમાણે મારી સઘળી જરૂરિયાતો પૂરી પાડવા માટે તમારો આભાર. ઈસુના નામમાં માગું છું, આમેન.***

૨૪ x ૭ પ્રાર્થના માટે સંપર્ક કરો
+૯૧ ૪૪ ૪૫ ૯૯૯ ૦૦૦ (બધી ભાષાઓમાં)

KATE COMPLETES ONE YEAR
ON 4TH SEPTEMBER, 2021
JOURNEYING WITH A VISION

Karunya
ACADEMY FOR THEOLOGICAL EDUCATION
(Registered Candidate Member ATA)

ADMISSIONS OPEN

Programs Offered:
- Bachelor of Theology (B.Th.,)
- Master of Divinity (M.Div)
- P.G. Diploma in Clinical Biblical Counselling
- P.G. Diploma in Biblical Entrepreneurship
- Diploma in Biblical Life and Ministry
- Diploma in Women Ministry and Leadership
- Diploma in Mission and Evangelism
- Bible study on Gift of Prophecy

50% Scholarship for all the students

Enrol
Experience
Execute

Medium of Instruction:
- English - Tamil - Telugu
- Hindi - Malayalam

Mode of Study:
Online:
Learning Management System
Distance:
Weekly online sessions with study materials
Residential:
- Well Furnished Rooms - Wi-Fi Connectivity
- Excellent Sporting Facilities - Homely Food

Contact: 94878 46630
admissions@kate.education · www.kate.education
Karunya Academy for Theological Education
Karunya Nagar, Siruvani Main Road,

# પ્રગટ થયું; જાહેર કર્યું; પરિપૂર્ણ થયું



પ્રબોધવાણી પૂરી થઈ

દરેક મિનિટે વિશ્વભરમાં કંઈક ઘટનાઓ બનતી રહે છે. તે રાજકીય જગતને લગતી ઘટના હોય કે આર્થિક જગતને લગતી કે કુદરતી કે દૈનિક જીવનને લગતી ઘટના હોઈ શકે છે. વિશ્વના મોટા ભાગના લોકો આવી ઘટનાઓથી માહિતગાર હોતા નથી; પણ સર્વશક્તિમાન પ્રભુ દરેક પરિસ્થિતિઓ પર નિયંત્રણ ધરાવે છે અને તે સઘળું જાણે છે.

પ્રભુ પોતાના પ્રબોધકોને પોતાની યોજનાઓ પ્રગટ કરે છે (આમોસ ૩:૭) અને તેઓ લોકોને તેના વિશે પ્રબોધ કરે છે. ડૉ.પૉલ દિનાકરને સર્વશક્તિમાન પ્રભુએ બતાવ્યા મુજબ કેટલીક પ્રબોધવાણીઓ કરી છે. પ્રભુએ અત્યાર સુધી તેમાંની મોટા ભાગની પ્રબોધવાણીઓ પૂરી કરી છે અને ઘણી પૂર્ણ થવાના આરે છે. અત્રે આવી જ કેટલીક પ્રબોધવાણીઓની ઝાંખી પ્રસ્તુત છે.

## ભારતમાં પૂર

**૨૦૨૧ જાન્યુઆરીમાં કરેલ પ્રબોધ**

**“એશિયા/ભારતમાં વિવિધ પ્રકારના પૂરો આવશે, પણ પ્રભુ લોકોના મનોને તેમને પ્રાર્થના કરવા તરફ વાળશે અને મોટા ફેરફારો થશે.”**

**૨૦૨૧ના ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં પૂર્ણ થઈ**

આસામ અને ઉત્તર પ્રદેશમાં ભારે પૂર આવ્યાં

આસામ અને અરુણાચલ પ્રદેશના ભાગોમાં પાછલા પડેલા ભારે વરસાદને લીધે બ્રહ્મપુત્રા નદીનું જળસ્તર વધ્યું અને જોખમી સ્તરથી વધારે ઉંચાઈથી પાણી વહેવા લાગ્યું. આસામના ૩૪ જિલ્લાઓમાંથી ૨૨ જિલ્લાઓમાં પૂરની અસર થઈ.

નેપાળમાં પડેલા ભારે વરસાદને લીધે રાપ્તી અને બુર્હી રાપ્તી નદીનાં જળસ્તરો વધ્યાં અને ઉત્તર પ્રદેશના ૧૫ જિલ્લાઓમાં પૂર આવ્યાં.




**ત્યાં રહેતા લોકોનું પ્રભુ રક્ષણ કરે અને અસરગ્રસ્ત લોકોને પુનઃસ્થાપિત કરે તે માટે આપણે પ્રાર્થના કરીએ** (યશાયા ૪૩:૨).

## અફઘાનિસ્તાન અને રશિયાનો પ્રભાવ

### ૨૦૨૧ના જાન્યુઆરીમાં કરેલ પ્રબોધ

“મધ્ય પૂર્વના દેશોમાં પ્રભુનો હાથ લોકો પર આવશે. ખાસ કરીને અફઘાનિસ્તાન પવિત્ર આત્માના રેડાઇ જવાનો અનુભવ કરશે. તેનાથી પાકિસ્તાન, તૂર્કી અને આસપાસના દેશો પર પ્રભાવ પડશે. મધ્ય પૂર્વમાં અરાજકતા ફેલાશે. રશિયાનો પ્રભાવ વધશે. પણ આપણી નજર ચીન પર રાખવી જોઇએ. દરેક સ્થળે ઈશ્વરનો હાથ જીત પામશે. લોકો પ્રભુ તરફ ફરવાનું ચાલુ રાખશે. લોકો માટે પ્રભુને પ્રાર્થના કરવાના દ્વારો બંધ થયા હોવા છતાં પવિત્ર આત્મા મોટા અધિકાર સાથે ચિહ્નો અને ચમત્કારો સાથે કામ કરશે.”

### ૨૦૨૧ ઑગસ્ટમાં પ્રબોધવાણી પૂરી થઈ

લગભગ ૨ દાયકાના યુદ્ધ પછી તાલિબાનોએ એશિયાના મધ્ય ભાગમાં આવેલા દેશ અફઘાનિસ્તાન પર ઑગસ્ટ મહિનાના મધ્ય ભાગમાં કબજો જમાવ્યો. રાષ્ટ્રપતિ અશરફ ઘનીની સરકાર પડી ગઇ. યુ.એસ.ના રક્ષક દળના અધિકારીઓએ અફઘાનિસ્તાનની રાજધાની કાબૂલનું ૯૦ દિવસમાં પતન થશે એવી અપેક્ષા રાખી હતી. તેના ૧૦થી ઓછા દિવસો લાગ્યા. યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના સૈનિકો અફઘાનિસ્તાનમાંથી વિદાય થયા. રશિયાના સેંકડો લશ્કરી વાહનો અને શસ્ત્ર સરંજામ તજાકિસ્તાનની સરહદ પર સેંકડો માઇલ દૂરથી સ્પષ્ટપણે દેખાતો હતો અને રશિયાનો પ્રભાવ એશિયાના મધ્ય ભાગમાં વધશે એવું અનુમાન કરવામાં આવે છે એવું સમાચાર અહેવાલો જણાવે છે.




## ભારત – વેપાર

### ૨૦૧૯ના જાન્યુઆરીમાં કરેલ પ્રબોધ

**“ભારત વિશ્વના વેપારી આગેવાનો માટે રોકાણ કરવાનું અને વૃદ્ધિ કરવાનું સ્થાન બનશે.”**

### ૨૦૧૯ ઓક્ટોબરમાં પ્રબોધવાણી પૂરી થઈ

ત્રીજી વાર ભારત વિશ્વ બેંકના ‘વેપાર વિશેના’ ૨૦૨૦ના અહેવાલમાં ૧૦ સૌથી વધારે વૃદ્ધિ કરનારા ઉન્નતિશીલ રાષ્ટ્રોમાં ગણાયું છે. ભારતે વેપારના નિયમનના ૧૦ ક્ષેત્રોમાંથી ૪ ક્ષેત્રોમાં સરળતાથી વેપાર કરવામાં પ્રગતિ કરી છે, તેનાથી આર્થિક આંકમાં વૃદ્ધિ થઇ છે.



## ઉત્તર અને દક્ષિણ કોરિયાની પુનઃ સ્થાપનાના સમાચાર

**૨૦૧૭માં કરેલ પ્રબોધ**

"ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા તેમનામાં ઈશ્વરની શોભા બતાવવા માટે એક થશે."

**૨૦૧૮ અને ૨૦૨૧માં પ્રબોધવાણી પૂરી થઈ**

૧૯૫૦-૧૯૫૩ના કોરિયન યુદ્ધને લીધે બે કોરિયન દેશો એકબીજા સાથે યુદ્ધની સ્થિતિમાં હતા. ઉત્તર કોરિયાના આગેવાન કિમ જોંગ ઉન અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ મૂન જે એ ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ પાયોંગ્યાંગમાં સંમતિપત્ર પર સહી કરી હતી. આ કરારમાં બંને દેશો વચ્ચે જમીનના જે પ્રશ્નો હતા તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પણ તે ઝડપથી તૂટી ગયો. ઉત્તર કોરિયાએ જૂન ૨૦૨૦માં બે દેશો વચ્ચે થયેલ નિષ્ફળ વાર્તાને લીધે સંબંધો વણસ્યા હતા. ત્યારબાદ ઉત્તર કોરિયાએ કોરિયાની આંતરિક સરહદની કચેરીમાં વાતચીત માટેના સુધારા કર્યા. બે દેશો વચ્ચે થયેલ કરાર મુજબ ૨૭ જૂન ૨૦૨૧ થી કોરિયાની આંતરિક વાતચીતો માટેની સુવિધાઓ ફરીથી ચાલુ થઈ.




## ચીન – કોરોનાની મરકી




**૨૦૧૬માં કરેલ પ્રબોધ**

"પૂર્વના દેશોમાં અને મોટા દેશ ચીનમાં મરકી ફેલાશે. જ્યારે કોઈ તેમને મદદ કરી શકશે નહિ ત્યારે તેઓ મને પોકાર કરશે. જ્યારે દેશમાં મરકી ચાલશે ત્યારે મારી કૃપા તેમના પર થશે અને લોકો છુટકારો પામશે. ચીન દેશમાં મારી સાજાપણું કરતી હાજરી વહેશે અને તેઓ જાણશે કે હું જ તેમનો તારનાર અને ઉદ્ધારક છું."

**૨૦૧૯માં પ્રબોધવાણી પૂરી થઈ**

૩૧ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ચીને વિશ્વ આરોગ્ય સંસ્થાને માહિતી આપી કે તેના વુહાન શહેરમાં ન્યુમોનિયા જેવો વાયરસ ફેલાયો છે. ૮ ડિસેમ્બર, ૨૦૧૯થી કેટલાક દર્દીઓ શ્વાસ લેવામાં તકલીફ થાય એવી બીમારીથી પીડાઈ રહ્યા છે. ૨૦૧૯નો આ વાયરસ સાર્સ નામની બીમારીનો જ ભાગ છે, જેના લીધે ૨૦૦૨-૨૦૦૩માં ૮૦૦ લોકો માર્યા ગયા હતા.

## યુનાઈટેડ કિંગ્ડમ યુરોપિયન દેશોના સંગઠનમાંથી વિઘટન

**૨૦૧૬માં કરેલ પ્રબોધ**

"રાજકીય અને વ્યવસાયિક ક્ષેત્રે નવા સમૂહોનું વિઘટન થશે."

**૨૦૧૬ અને ૨૦૨૦માં પ્રબોધવાણી પૂરી થઈ**

યુનાઈટેડ કિંગ્ડમે ૨૦૧૬માં યુરોપીયન સંગઠનમાંથી અધિકૃત રીતે બહાર નીકળવાનો મત વ્યક્ત કર્યો અને ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ અધિકૃત રીતે તેમાંથી બહાર નીકળ્યું. યુ,કે. ૧૯૭૩થી યુરોપિયન સંગઠનનું સભ્ય હતું. રોમના કરારે યુરોપના આર્થિક સમુદાયની સ્થાપના કરી હતી અને ૧૯૫૬માં યુરોપના ૬ દેશો -ફ્રાંસ, પૂર્વ જર્મની, ઇટાલી, બેલ્જિયમ, નેધરલેન્ડ અને લક્ઝેમ્બર્ગ દ્વારા તેના પર સહી કરવામાં આવી હતી. યુ.કે.એ યુરોપના તારનાર તરીકે યુરોપીયનોને એકઠા થતા જોયા હતા.




**"જે સંદર્શન તને થાય છે તે ઘણા દિવસો પછીના વખતને માટે છે, ને તે ઘણા દૂરના સમયો વિષે ભવિષ્ય કહે છે."**

(હઝકિયેલ ૧૨:૨૭)

પ્રભુએ પોતાના સેવક ડૉ.પૉલ દિનાકરનને આ પ્રબોધવાણીઓ પ્રગત કરી અને તેને પૂરી પણ કરી અને તેમના શબ્દોને માન આપ્યું. પ્રભુએ ડૉ.પૉલ દિનાકરન દ્વારા પ્રગટ કરેલી બીજી પ્રબોધવાણીઓ પણ પૂરી થાય તે માટે પ્રાર્થના કરો.



# ગૌણ વ્યક્તિમાંથી સામર્થ્યવાન વ્યક્તિ

**૧૦ ઓક્ટોબરના રોજ પ્રેમના પ્રેરિત તરીકે ઓળખાતા સ્વ.ભાઈ દિનાકરનના અભિષેકને યાદ કરીએ છીએ. તેમના પોતાના શબ્દોમાં તેમના અનુભવનું વર્ણન આ પ્રમાણે છે.**

*"પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યા પછી હું તેમને જોવા માટે ઉત્સુક હતો. પ્રભુ ઈસુને જોવાની આ ઈચ્છા સાથે સાત વર્ષ સુધી પ્રાર્થના કર્યા પછી હું ખૂબ જ નિરાશ થયો હતો." ૧૦ ઓક્ટોબર, ૧૯૬૨, નો દિવસ મારા માટે અવિસ્મરણીય બની ગયો. આખો દિવસ કામ કરીને હું ખૂબ જ થાકીને રાત્રે ૯:૩૦ કલાકે ઘરે આવ્યો હતો. હું ખૂબ જ થાકેલો હોવાને લીધે ઝડપથી રાતનું ભોજન કરીને સૂઈ જવા માગતો હતો. પરંતુ, પ્રભુએ શારીરિક રીતે નિર્બળપણાના આ સમયને મારી મુલાકાત લેવા માટે પસંદ કર્યો હતો. અમે કૌટુંબિક પ્રાર્થના કરવા માટે ઘૂંટણે પડ્યા. મારી આંખો બંધ હતી છતાં પણ મેં અચાનક એક મોટો પ્રકાશ સ્વર્ગમાંથી મારા તરફ આવતો અને અમારા ઓરડાને ભરી દેતા જોયો, અને એક અલૌકિક વ્યક્તિની હાજરીનો અનુભવ કર્યો. મારો થાક દૂર થઈ ગયો અને "મહિમાથી ભરપૂર અવર્ણનિય આનંદથી" (૧ પિતર ૧:૮) ભરાઈ ગયો. મારી નિરાશા અવિસ્મરણીય આનંદમાં બદલાઈ ગઈ. મેં પ્રભુ ઈસુને મારી આગળ પ્રેમ અને કરુણાના સ્વરૂપમાં મોઢામોઢ જોયા. હું અનિયંત્રિત આનંદ સાથે હસી રહ્યો હતો. ઈસુએ પવિત્ર આત્માનો અભિષેક પ્રાપ્ત કરવા માટેની મારી બધી જ પ્રાર્થનાઓને યાદ કરી અને સ્મિત સાથે કહ્યું કે, "હું ઈસુ છું, હું વ્યક્તિગત રીતે તને આશીર્વાદ આપવા માટે આવ્યો છું." પછી તે મારી તરફ આવ્યા. હું ધીમેથી મારી માતૃભાષામાં બોલ્યો કે, "પ્રભુ, તમારો આભાર", પણ હું તો અન્ય ભાષામાં બોલી રહ્યો હતો. મેં મારી જીભને નિયંત્રણમાં રાખીને અંગ્રેજી ભાષામાં બોલવાનો પ્રયત્ન કર્યો. પણ મેં જેટલો વધારે પ્રભુનો આભાર માનવા મારી જાણીતી ભાષામાં બોલવાનો પ્રયત્ન કર્યો એટલો જ વધારે અલગ ભાષામાં શબ્દો બોલવા લાગ્યો. પ્રભુ ઈસુ મારી આ રમૂજી પરિસ્થિતિને જોઈ રહ્યા હતા. તેમણે મને શાંત રાખીને કહ્યું કે, "હું તને અન્ય ભાષાઓમાં મારી સ્તુતિ કરવા માટે આ શબ્દો આપી રહ્યો છું. આ પવિત્ર આત્માનું બાપ્તિસ્મા છે." તેમણે આગળ એમ કહ્યું કે, "દીકરા, આ જગતે ફક્ત મારા પ્રેમ અને કરુણા વિશે સાંભળ્યું જ છે, પણ કોઈ વ્યક્તિના જીવનમાં તે જોયાં નથી. આજે હું તને મારી કરુણાથી ભરી રહ્યો છું. જ્યારે પણ તું કરુણાથી ભરાઈને પ્રાર્થના કરીશ ત્યારે મારા લોકોને સારુ એમ કરવામાં આવશે." પછી જાણે કે મારા હૃદયનું દ્વાર જેવું કંઈક ખુલ્યું અને ઈસુ તેમાં પ્રવેશ્યા અને જાણે કે મારા અસ્તિત્વ સાથે જોડાઈ ગયા હોય તેમ મારા હૃદય સાથે જોડાઈ ગયા. એ તો ત્રણ કલાકનો સ્વર્ગીય આનંદનો સમય હતો. એ તો મારી સેવાની શરુઆત હતી."*


*હા વહાલાંઓ, પવિત્ર આત્મા લોકોને સર્વસમર્થ ઈશ્વર માટેના પરાક્રમી સાક્ષીઓ બનાવે છે.*

*સ્વર્ગ આપણું અંતિમ સ્થાન છે અને આપણા હૃદયમાં તેના બ્યાના તરીકે પવિત્ર આત્માની મુદ્રા પ્રાપ્ત કરી છે. આપણે અંતના દિવસોમાં જીવી રહ્યા છીએ અને પવિત્ર આત્માનો અભિષેક કોઈ વિકલ્પ નહિ પણ જરુરિયાત બની ચૂકી છે. નીચે બાઈબલના વચનો સાથે એક પ્રાર્થના આપેલી છે, જેના દ્વારા તમે પણ પ્રભુનો અભિષેક પ્રાપ્ત કરવા માટે માગણી કરી શકશો.*

**સર્વસમર્થ પ્રભુ,**

**હું તમારા કૃપાસન પાસે આવું છું અને નમ્રપણે વિનંતી કરું છું કે મારા સઘળા પાપો, અને અપરાધોને માફ કરીને મારા હૃદયને શુદ્ધ કરો. હું તમારા પવિત્ર આત્મા માટે તરસ્યો છું. તમે તરસ્યા પર તમારો આત્મા રેડી દેવાનું વચન આપ્યું છે. બાઈબલ કહે છે કે તમારા બધા જ વચનોમાં ખ્રિસ્ત ઈસુ દ્વારા હા અને આમેન છે. તમારા વચનો કહે છે કે જેઓ તમારી પાસે માગે તેઓને તમે પવિત્ર આત્મા આપશો. હું આ વચનોનો દાવો કરીને તમને વિનંતી કરું છું કે મને તમારા પવિત્ર આત્માથી ભરો. મારે તમારું બાળક બની રહેવા અને તમને પસંદ પડે એવું જીવન જીવવા માટે તમારા પવિત્ર આત્માની ખૂબ જ જરૂર છે. પ્રભુ, તમારી કૃપામાં મને તમારા પવિત્ર આત્માથી અભિષિક્ત કરો. પવિત્ર આત્મા તમે અત્યારે જ મારા જીવનનું નિયંત્રણ લો અને મને તમારા માર્ગોમાં દોરો. પ્રભુ ઈસુ, તમે મારી પ્રાર્થના સાંભળી છે, મને તમારી મૂલ્યવાન ભેટ આપી છે, અને તમારા પવિત્ર આત્માથી મુદ્રાંકિત કર્યો છે તે માટે તમારો આભાર. પ્રભુ ઈસુના નામમાં માગું છું. આમેન.**

*(આ પ્રાર્થના આ વચનો પર આધારીત છે: ગી.શા. ૫૧:૧; યશાયા ૪૪:૩; પ્રે.કૃ. ૨:૧૭; ૨ કરિંથીઓ ૧:૨૦; લૂક ૧૧:૧૩; રોમનો ૮:૧૪;૨ કરિંથીઓ ૧:૨૨)*




# તમે પ્રભુનું ઘર બાંધો પ્રભુ તમારું ઘર બાંધશે

## બેથેસ્દાનો નવીનીકરણનો પ્રોજેક્ટ

"હું ફરીથી તમને મળીશ ત્યારે તમે તમારાં મનમાં આનંદ પામશો."
(યોહાન ૧૬:૨૨)

કાર્ય ચાલી રહ્યું છે





કાર્ય ચાલી રહ્યું છે



## બેથેસ્દા — પૃથ્વી પર સ્વર્ગની અનુભુતિ

★ આવનારા દરેક લોકોને માટે પ્રાર્થનાઓ કરવામાં આવે છે.

★ બેથેસ્દામાં ટેલિફોન પ્રાર્થના ભવન અને પ્રાર્થનાની સાંકળ ચાલે છે તેના દ્વારા લોકો પ્રભુના ચમત્કારોનો અનુભવ કરે છે.

★ ઈશ્વરે લાખો લોકોને સાજાં કર્યાં છે, બચાવ્યા છે અને લાંબા સમયથી જે ચમત્કારોની રાહ જોતા હતા તે પ્રાર્થનાઓના પ્રત્યુત્તરો આપ્યા છે.

★ જેઓ અહીં આવે છે તે દરેક ઈશ્વરની મહિમામય હાજરીનો અનુભવ કરે છે, અને ઘુમ્મટ, દર્શનનું કેન્દ્ર તથા સલાહ-સૂચનના ઓરડાઓમાં સ્વર્ગીય હાજરીનો આસ્વાદ માણે છે.

**બેથેસ્દાના ૨૮ વર્ષ પછી હવે તેમાં નવીનીકરણની પ્રક્રિયા ચાલુ છે.**

*બેથેસ્દાની સેવા દ્વારા કોઈમ્બતુરના ભાઈ વિનસ્ટન ડેવિડ આશીર્વાદિત થયા છે, તેમની સાક્ષી આ પ્રમાણે છે*

### સ્વર્ગીય સહાય

૨૦૧૬માં મારા પિતા પ્રિન્સ સોલોમનને બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો તેના લીધે તેમના શરીરના જમણા ભાગે લકવાની અસર થઇ હતી. તેમની યાદશક્તિને પણ અસર થઇ હતી અને તેઓ બોલી શકતા નહોતા. એક મહિના સુધી તેઓ આઇ.સી.યુ.માં હતા. અમે કુટુંબ તરીકે ટેલિફોન પ્રાર્થના ભવનમાં પ્રાર્થના વિનંતીઓ આપી હતી અને પ્રભુએ તેમને સાજા કર્યા. ઘરે આવ્યા પછી તેઓ લાકડીના સહારે ચાલતા હતા. અમે ફિઝિયોથેરાપીની સારવાર કરાવી શકવા માટે સક્ષમ નહોતા, કેમ કે તે ખૂબ ખર્ચાળ હતી. આવા સમયે અમે ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ બેથેસ્દા પ્રાર્થના કેન્દ્રમાં આવ્યા અને તેમના સાજાપણા માટે માનતા માની. ૨૦૧૮માં અમે બેથેસ્દાની મુલાકાત લીધી ત્યારે મારા પિતા સંપૂર્ણ સાજા થઇ ગયા હતા

અને કોઈના સહારા વગર જાતે ચાલી શકતા હતા. ડૉક્ટરોએ કહ્યું હતું કે તેઓ ચાલી શકશે નહિ, પણ પ્રભુએ મોટો ચમત્કાર કર્યો છે. અમે એમ મોટી મુશ્કેલીમાંથી બહાર તો આવી ગયા પણ ઘણી નાણાકીય વિપત્તિમાં આવી પડ્યા હતા. અમે તેમની સ્વૈચ્છિક નિવૃત્તિ માટે અરજી કરી હતી પણ તેમાં ઘણી અડચણો આવી રહી હતી અને તેમને પેન્શનના લાભો મળી શકે તેમ નહોતા. ભંગીત મન સાથે અમે બેથેસ્દાની મુલાકાત લઈને પ્રાર્થના કરાવી હતી. એક પ્રાર્થના મધ્યસ્થે પ્રાર્થના કરાવીને ખાતરી આપી હતી કે પ્રભુ એક જ મહિનામાં ચમત્કાર કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે અમારા કુટુંબમાં લગ્નનો પ્રસંગ પણ લાવશે. અમે ચાર વર્ષથી કોઈપણ સહાય વગર રાહ જોતા હતા. અમે એ પરિસ્થિતિમાં કોર્ટ કેસ કરવો કે નહિ અને કોના પર ભરોસો કરવો, ન્યાય માટે કોની સલાહ લેવી તેની દોરવણી પ્રાપ્ત કરવા માટે ૨૦૨૦માં બેથેસ્દાની મુલાકાત લીધી હતી. તે મહિનો પૂરો થાય તે પહેલાં વૈશ્વિક મહામારીની પરિસ્થિતિ હોવા છતાં મારા પિતાની ઑફિસમાં ઘણાં ફેરફારો થયા અને તેમની નિર્વૃત્તિમાં લાભો પ્રાપ્ત થયા અને પ્રભુએ અમારી જરૂરિયાતો પૂરી પાડી. જેમ બેથેસ્દામાં પ્રાર્થના મધ્યસ્થે કહ્યું હતું તેમ મારા લગ્નની વાત આવી અને ૨૦૨૧ ફેબ્રૂઆરીમાં મારા લગ્ના થયા. પ્રભુએ બેથેસ્દાની સેવાઓ દ્વારા અમારા જીવનમાં જે કાર્યો કર્યાં છે તેને માટે અમે પ્રભુનો આભાર માનીએ છીએ. બેથેસ્દા અમારી જરૂરિયાતના સમયે અમારી આશા બની ગયું છે તેના માટે અમે પ્રભુનો આભાર માનીએ છીએ.





## *આ દર્શન પૂરું થાય માટે તમારી પ્રાર્થનાઓ અને દાનો વડે મદદરૂપ થાઓ.*

*નીચે જણાવ્યા મુજબ તમારા માટે અથવા તમારા કુટુંબના દરેક સભ્યને માટે કોઈ એક ભાગ માટે મદદરૂપ થવાની તક પણ છે. (લાગુ પડતું હોય ત્યાં નિશાની કરો)*

☐ ૧ ચોરસ ફૂટના નવીનીકરણ માટેનો ખર્ચ ૩,૦૦૦ રૂપિયા ☐ ૫ ચોરસ ફૂટના નવીનીકરણ માટેનો ખર્ચ ૧૫,૦૦૦ રૂપિયા

☐ ૧૦ ચોરસ ફૂટના નવીનીકરણ માટેનો ખર્ચ ૩૦,૦૦૦ રૂપિયા ☐ . . . . . . . ચોરસ ફૂટના નવીનીકરણ માટેનો ખર્ચ . . . . . . .રૂપિયા

**(અથવા) હું નીચે મુજબ દાન આપવા માગું છું ☐૫૦, ૦૦૦ ☐૧,૦૦, ૦૦૦**

**હું નીચે જણાવેલ વિભાગોના નવીનીકરણ માટે મદદરૂપ થવા માગું છું (લાગુ પડતું હોય ત્યાં નિશાની કરો)**

☐ છતનું કામ (મનનના હૉલના ભાગ માટે)

☐ ઈસુના ચિત્રો સાથેના કાચની બારીઓ

☐ માર્બલનું ભોંયતળિયું

☐ પાણીના ફૂવારા

☐ ઈસુના દુઃખ સહનની સાત પ્રતિકૃતિઓનું નવીનીકરણ

☐ પ્લાસ્ટર અને રંગકામ

☐ રસ્તા પરની લાઈટ અને ઑડિયો સિસ્ટમ

☐ ઘુમ્મટના બહારના ભાગનું નવીનીકરણ

☐ દિવાલો પરના આવરણ માટે

☐ બેથેસ્દાનો કૂંડ

ઉપર જણાવેલ કાર્યો માટે મદદરૂપ થવાની વધુ માહિતી પ્રાપ્ત કરવા માટે +૯૧ ૯૦૦૩૦ ૯૫૭૬૬ નંબર પર (સવારના ૯ થી સાંજના ૫ દરમ્યાન) સંપર્ક કરો.

**નામ** ______________________ સહભાગી ક્રમાંક ______________

સરનામું ____________________________________________

______________ શહેર ______________ પીન કોડ ______________

મોબાઈલ નંબર ૧. ______________________ ૨. ______________________

ઈ-મેઈલ ____________________________________________

**કેવી રીતે મદદરૂપ થઈ શકાય:**

- **પ્રાર્થના ભવન દ્વારા :** તમારા નજીકના વિસ્તારમાં આવેલા જીસસ કૉલ્સના પ્રાર્થના ભવન દ્વારા
- **વેબસાઈટ : www.jesuscalls.org**

**વધુ વિગતો માટે :** • સહભાગીઓ માટેના ફોન નંબર ૦૪૪ - ૨૩૪૫૬૬૭૭ (સવારના ૭ થી રાતના ૯ દરમ્યાન) ફોન કરો
• ઈ-મેઈલ: **partnercare@jesuscalls.org**

***બેથેસ્દાના નવીનીકરણના કાર્ય માટે તમારું યોગદાન આપવા માટે પાના નંબર ૧૪ જુઓ.***

**SCAN QR CODE**



“તમે એકબીજાના ભાર ઉંચકો, અને એમ ખ્રિસ્તનો નિયમ સંપૂર્ણ રીતે પાળો.

# મારા હૃદયના ઊંડાણથી...

સેવામાં મારા મૂલ્યવાન સહભાગી,

પ્રભુએ આપણને ઑક્ટોબર મહિનામાં પ્રવેશ કરાવ્યો છે તે માટે પ્રભુની સ્તુતિ થાઓ. શું પાછલા ૯ મહિના દરમ્યાન પ્રભુનું વિશ્વાસુપણું આપણા માટે પૂરતું નહોતું? હા વહાલાંઓ, પ્રભુનું વિશ્વાસુપણું આપણા માટે પૂરતું હતું અને અનંતકાળ સુધી રહેશે! ઈશ્વરે આ મહિના માટે એક સુંદર વચન આપ્યું છે.

**“...તો તમારા આકાશમાંના પિતાની પાસે જેઓ માગે છે તેઓને કેટલાં વિશેષે કરીને તે સારાં વાનાં આપશે?”**

(માથ્થી ૭:૧૧)

તમને ભેટો પ્રાપ્ત કરવાનું ગમે છે? તો આ ભેટો પ્રાપ્ત કરવા માટે તૈયાર થાઓ, કેમ કે જે વ્યક્તિ તમને ભેટ આપે છે તે કોઇ સામાન્ય વ્યક્તિ નથી. એ તો તમારા સ્વર્ગીય પિતા છે, જેઓ તમને તમારી કલ્પનાઓ કરતાં વિશેષ આશીર્વાદ આપે છે.

**જીસસ કૉલ્સ – જગતને માટે પ્રાર્થના કરે છેઃ**

ઑક્ટોબર મહિનો સેવામાં નવી શરૂઆતોનો મહિનો છે.

**“પ્રભુનો આત્મા મારા પર છે, કેમ કે દરિદ્રીઓ આગળ સુવાર્તા પ્રગટ કરવા માટે તેમણે મારો અભિષેક કર્યો છે; બંદીવાનોને છૂટકો તથા આંધળાઓને દ્રષ્ટિ પામવાનું જાહેર કરવા, ઘાયલ થયેલાઓને છોડાવવા તથા પ્રભુનું માન્ય વરસ પ્રગટ કરવા તેમણે મને મોકલ્યો છે.”**

(લૂક ૪:૧૮-૧૯)

૧૦ ઑક્ટોબરના રોજ મારા પિતા ભાઇ ડી.જી.એસ.દિનાકરને પ્રભુનો અભિષેક અને સેવા માટેનું દર્શન પ્રાપ્ત કર્યાં હતાં. ૧૯૯૩માં એ જ તારીખે બેથેસ્દા આંતરરાષ્ટ્રીય પ્રાર્થના કેંદ્રની કોઇમ્બતુરમાં સ્થાપના થઇ હતી. બાઇબલના સમયોની જેમ ઘણાં લોકોએ બેથેસ્દામાં પ્રભુના પરાક્રમી કાર્યોનો અનુભવ કર્યો છે. ૨૮ વર્ષોથી બેથેસ્દા તે સ્થાન પર છે અને હવે તેના માળખાનું નવીનીકરણ કાર્ય ચાલી રહ્યું છે. આ દર્શનને તમારી પ્રાર્થનાઓ અને દાનો વડે મદદરૂપ થાઓ. આ સામયિકમાં તેની વિગતો જોવા મળશે. ઑક્ટોબર મહિનામાં જીસસ કૉલ્સમાં બીજો પણ એક સુખદ વણાંક આવ્યો હતો. ૧૨ ઑક્ટોબર

૧૯૭૦ના રોજ જીસસ કૉલ્સની પ્રથમ જાહેર સભા યોજાઇ હતી. હવે તે સેવાના ૫૦ વર્ષ થયાં છે અને પ્રભુએ આટલા વર્ષો દરમ્યાન તેમની કૃપા ચાલુ જ રાખી અને અગણિત આત્માઓને બચાવ્યા છે તે માટે હું પ્રભુનો આભાર માનું છું.

### કારુણ્યા – શૈક્ષણિક શ્રેષ્ઠતાનો પાયો :

**"ઊઠ, પ્રકાશિત થા; કેમ કે તારો પ્રકાશ આવ્યો છે, ને યહોવાનો મહિમા તારા પર ઉગ્યો છે. જુઓ, અંધારું પૃથ્વીને તથા ઘોર અંધકાર લોકોને ઢાંકશે; પણ યહોવા તારા પર ઊગશે, ને તેમનો મહિમા તારા પર દેખાશે. પ્રજાઓ તારા પ્રકાશ તરફ તથા રાજાઓ તારા ઉદયના તેજ તરફ ચાલ્યા આવશે."** (યશાયા ૬૦:૧-૩)

કારુણ્યા યુનિવર્સિટી માટેની પ્રભુની ઘણી યોજનાઓ ઑક્ટોબર મહિનામાં પૂરી થઇ છે અને ત્રણ દાયકાઓ દરમ્યાન કારુણ્યા એજયુકેશનલ ટ્રસ્ટની સ્થાપના, કારુણ્યા ગ્રામીણ સમુદાય અને કારુણ્યા યુનિવર્સિટીની સ્થાપના પણ ઑક્ટોબર મહિનામાં જ થઇ છે.

કારુણ્યા ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલૉજી એન્ડ સાયન્સ હાલમાં રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થાઓમાંની એક બની છે. ૧૯૮૬માં તેની શરૂઆત થઇ હતી. "ઊઠ, પ્રકાશિત થા" એ મુદ્રાલેખ મુજબ દર વર્ષે સેંકડો વિદ્યાર્થીઓ સ્નાતક બને છે. તેમાંથી કેટલાક તો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે નોકરી પ્રાપ્ત કરે છે.

> **પ્રભુ તમને તમારી કલ્પનાઓ કરતાં વિશેષ આશીર્વાદ આપશે.**

### ભારત – દેશભક્ત અને એક :

**"છેવટે, હે ભાઇઓ, આનંદ કરો. સંપૂર્ણ થાઓ; હિંમત રાખો; એક દિલના થાઓ; શાંતિમાં રહો; અને પ્રેમ તથા શાંતિ આપનાર ઈશ્વર તમારી સાથે રહેશે."**

(૨ કરિંથીઓને પત્ર ૧૩:૧૧)

આભારની લાગણી સાથે આપણા દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી ને ૨ ઓક્ટોબરના રોજ તેમના જન્મદિવસે યાદ કરવામાં આવે છે. તેમણે તેમના ત્યાગ અને બલિદાનનો નમૂનો દરેક ભારતવાસીઓ સમક્ષ મૂક્યો છે અને હાલમાં આપણે સ્વતંત્રતાના ૭૫ વર્ષનો આનંદ માણી શકીએ છીએ. તેમણે 'પહાડ પર ઈસુએ આપેલા સંદેશને" આત્મસાત કર્યો હતો અને આજે આખું વિશ્વ જાણે છે કે અહિંસા દ્વારા કેવો મોટો વિજય પ્રાપ્ત કરવામાં આવ્યો હતો!

તેથી આ ૨જી ઑક્ટોબરના રોજ અમે "ભારત આશીર્વાદિત થાય તે માટે પરિવાર સાથે ઉપવાસ પ્રાર્થનાનું આયોજન કર્યું છે. ભારતના ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોમાં સમૃદ્ધિ પ્રાપ્ત થાય તે માટે ખાસ પ્રાર્થનાઓ કરવામાં આવશે. ભારત દેશમાં શાંતિ અને આશીર્વાદો પ્રાપ્ત થાય તથા આપણો દેશ વાયરસ મુક્ત બને તે માટે અમારી સાથે પ્રાર્થનામાં જોડાઓ. સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ દરમ્યાન બધા જ પ્રાર્થના ભવનોમાં પ્રાર્થના કરવામાં આવશે અને ફેમિલી ચેનલ પર તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. તમને પ્રાર્થનાના મુદ્દા મોકલવામાં આવશે, તેને માટે તમારા વિસ્તારમાં આવેલા પ્રાર્થના ભવનનો સંપર્ક કરો.

૮ ઑક્ટોબરના રોજ ભારતના હવાઇદળ માટેના દિવસની ઉજવણી કરવામાં આવે છે. ખૂબ જ આભારની લાગણી સાથે હું આપણા દેશનું રક્ષણ કરવા માટે જ નહિ પરંતુ કુદરતી આપત્તિઓ દરમ્યાન બચાવ કાર્યમાં પણ તેમનું યોગદાન આપનાર હવાઇદળનો હું આભાર માનું છું. ભારત દરેક પડકારજનક પરિસ્થિતિમાં પણ એક રહે અને કોઇપણ રીતે તેના ભાગલા ન પડે તે માટે હું સતત પ્રાર્થના કરું છું.

### અવિરત પ્રાર્થના :

જીસસ કૉલ્સનું ટેલિફોન પ્રાર્થના ભવન ૨૪/૭ કાર્યરત છે. ઘણાં પ્રાર્થના ભવનોમાં સેવાની શરુઆત થઇ ચૂકી છે અને હવે તમે પ્રાર્થનાની સહાય માટે તમારા નજીકના વિસ્તારમાં આવેલા પ્રાર્થના ભવનની મુલાકાત લઇ શકો છો. તમે પ્રાર્થના મધ્યસ્થ તરીકે સ્વૈચ્છિક સેવા પણ આપી શકો છો. વધુ વિગતો માટે ૦૪૪-૨૩૪૫૬૬૭૭ નંબર પર (સવારના ૭ થી રાતના ૯ દરમ્યાન) સંપર્ક કરી શકો છો, અથવા ૯૦૧૪૫ ૫૫૪૫૫ નંબર પર મિસ્ડ કૉલ કરી શકો છો, અથવા volunteer@jesuscalls.org પર ઈ-મેઇલ કરી શકો છો.

### આંતરરાષ્ટ્રીય દિવસો:

***"ઈશ્વરે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને ઉત્પન્ન કર્યું, ઈશ્વરના સ્વરૂપ પ્રમાણે તેમણે તેને ઉત્પન્ન કર્યું; તેમણે તેઓને નરનારી ઉત્પન્ન કર્યાં."*** (ઉત્પત્તિ ૧:૨૭)

યુનાઈટેડ નેશન્સ દ્વારા ૧૧ ઓક્ટોબરને આંતરરાષ્ટ્રીય નારી સંતાન તરીકે ઉજવવામાં આવે છે, અને છોકરીઓના હકોને તેમજ આખા વિશ્વમાં તેઓ જે પડકારોનો સામનો કરે છે તેને જાણવાના લક્ષ્ય સાથી આ ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે એક પગલું આગળ વધીને તેનો વિષય "લિંગ સમાનતા" રાખવામાં આવ્યો છે. જેમાં છોકરાઓ અને છોકરીઓને એકસમાન તથા ઈશ્વરની નજરમાં મૂલ્યવાન ગણવાનો મુદ્દો ધ્યાનમાં રાખવામાં આવનાર છે.

**"પુરુષ કે સ્ત્રી કોઈ નથી; કેમ કે તમે બધાં ખ્રિસ્તમાં એક છો."** (ગલાતીઓને પત્ર ૩:૨૮)

આવો, આપણે કોઈપણ લિંગના ભેદભાવ વગર આપણા બાળકોને પ્રેમ કરીએ અને આપણા તારનારનું અનુકરણ કરીએ.

૧૫ ઑક્ટોબરના રોજ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામનો જન્મદિવસ "વિશ્વ વિદ્યાર્થી દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે, તેઓ તેમના અભ્યાસનો પ્રવાહ ગમે તે કેમ ન હોય પરંતુ તેઓ દેશને આગળ વધારે છે તેથી તેઓ પણ માનને યોગ્ય છે. વૈશ્વિક મહામારીની પરિસ્થિતિને લીધે હવે વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત રીતે અભ્યાસ કરવા જવું મુશ્કેલ બન્યું છે. આવો, પ્રભુ આ પરિસ્થિતિને ઝડપથી બદલે અને તેમના ભવિષ્યને સલામત રાખે તે માટે આપણે પ્રાર્થના કરીએ.

હું ખૂબ જ આભારની લાગણી સાથે જણાવું છું કે પ્રભુની કૃપા અને તમારા સહયોગ દ્વારા જીસસ કૉલ્સ મિનિસ્ટ્રીએ ભંગીત હૃદયોવાળા લોકો મધ્યે દિલાસો અને સુવાર્તા પ્રગટ કર્યાં છે.

**"તમે એકબીજાના ભાર ઉંચકો, અને એમ ખ્રિસ્તનો નિયમ સંપૂર્ણ રીતે પાળો."** (ગલાતીઓને પત્ર ૬:૨)

ખાસ તો હું જીસસ કૉલ્સ મિનિસ્ટ્રી તેમજ મારા માટે અને મારા પરિવાર માટે તમારી સતત પ્રાર્થનાઓની માગણી કરું છું. હું અને મારો પરિવાર તથા જીસસ કૉલ્સના કર્મચારીઓ દરરોજ તમને પ્રાર્થનામાં ધરી રાખે છે.

**"...તો તમારા આકાશમાંના પિતાની પાસે જેઓ માગે છે તેઓને કેટલાં વિશેષે કરીને તે સારાં વાનાં આપશે?"** (માથ્થી ૭:૧૧)

સમિક્ષા કરાતાં આ મહિનાનું વચન તમારા જીવનમાં પ્રગટ થાય અને આપણા સ્વર્ગીય પિતા તમને સારાં દાનો આપે એવી શુભેચ્છા.

**તમારા માટે પ્રાર્થના કરનાર તમારો ભાઈ,**
**ડૉ.પૉલ દિનાકરન**


"સમાવેશ કરવાને પૂરતી જગા નહિ હોય, એટલો બધો આશીર્વાદ તમારા પર મોકલી દેશે." (માલાખી ૩:૧૦)

તમે પ્રભુની સેવાને ધરી રાખશો તો અગણિત આશીર્વાદો પ્રાપ્ત કરશો.




SIMPLE WAYS TO SUPPORT THE MINISTRY

SCAN THIS QR CODE TO SUPPORT US THROUGH ALL UPI APPS

Paytm G Pay BHIM

JESUS CALLS

DOWNLOAD NOW

DOWNLOAD THE JESUS CALLS APP FOR EXTENDING YOUR SUPPORT

UPI ID
jesuscalls@indus

Through website visit
www.jesuscalls.org

ONLINE TRANSFER:
Beneficiary Name: JESUS CALLS
Account No.: 000901056144 Bank: ICICI Bank Ltd., Nungambakkam Branch, Chennai 600 034.
IFS Code: ICIC0000009

THROUGH Electronic Money Order (EMO) / Demand Draft / Cheque (CTS Cheque) drawn in favour of "Jesus Calls" can be sent by Registered Post to the address:
Prayer Tower, 16, Dr. D.G.S. Dhinakaran Road, Chennai - 600 028.

IN PERSON: AT THE PRAYER TOWER IN YOUR AREA

BANK TRANSFER DETAILS CAN BE INTIMATED through the email ids
admin@jesuscalls.org / partnercare@jesuscalls.org

FOR MORE DETAILS, PLEASE GIVE A MISSED CALL TO 90154 55455. OUR TEAM WILL GUIDE YOU.



# દૈનિક સુવચનો

**ઓક્ટોબર ૨૦૨૧**

**1** **માથ્થી ૭:૧૧ – ઈશ્વર દયા કરશે**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૨૩:૬; ૧૨૮:૨;
યર્મિયા ૩૨:૪૦-૪૨; યાકૂબનો પત્ર ૧:૧૭

**2** **ગીતશાસ્ત્ર ૧૦૪:૩૪ – પ્રભુમાં આનંદ કરો**
**મનન માટેના વચનો :** નીતિવચનો ૮:૩૦; યોએલ ૨:૨૩;
હબાક્કુક ૩:૧૭,૧૮; લૂક ૧:૪૬,૪૭

**3** **ગીતશાસ્ત્ર ૧૧૯:૧૮ – અદ્‌ભુત ઈશ્વર**
**મનન માટેના વચનો :** નિર્ગમન ૩૪:૧૦; અયૂબ ૫:૯; ગીતશાસ્ત્ર
૮૬:૧૦; મીખાહ ૭:૧૫; લૂક ૫:૧૭-૨૬

**4** **ગીતશાસ્ત્ર ૧૨૫:૧ – ન્યાયીને હલાવી શકાશે નહિ**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૧૬:૮; નીતિવચનો ૧૦:૨૫,૩૦;
રોમનોને પત્ર ૮:૩૫-૩૯

**5** **ગીતશાસ્ત્ર ૧૧૮:૧૯ – પ્રભુનો આભાર માનો**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૯૫:૨; ૧૦૦:૪; યશાયા ૧૨:૪;
રોમનોને પત્ર ૧૫:૧૧

**6** **ગીતશાસ્ત્ર ૯૧:૭ – ઈશ્વર દ્વારા સુરક્ષિત**
**મનન માટેના વચનો :** નિર્ગમન ૨૩:૨૦; ગીતશાસ્ત્ર ૧૧૬:૬; ૧૨૧;
નીતિવચનો ૩:૨૬; યશાયા ૫૨:૧૨

**7** **નીતિવચનો ૨૮:૫ – ઈશ્વરને શોધો**
**મનન માટેના વચનો :** પુન. ૪:૨૯; નીતિવચનો ૮:૧૭; યર્મિયા
૨૯:૧૩; માથ્થી ૭:૭,૮

**8** **યોહાન ૧૫:૪ – પ્રભુમાં રહો**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૯૧:૧; યોહાન ૧૫:૫,૭;
૧ યોહાન ૨:૬,૨૪; ૩:૬;

**9** **યશાયા ૪૩:૧૯ – ઈશ્વર માર્ગ કરશે**
**મનન માટેના વચનો :** યશાયા ૪૩:૧૬; ૪૨:૧૬; યર્મિયા ૩૧:૯;
યોહાન ૧૪:૬; ૧ કરિંથી. ૧૦:૧૩;

**10** **યશાયા ૨૯:૧૯ – ઈશ્વર તમને આનંદિત કરે છે**
**મનન માટેના વચનો :** નહેમ્યા ૧૨:૪૩; ગીતશાસ્ત્ર ૩૦:૧૧;
૩૭:૧૧; યશાયા ૩૫:૧૦

**11** **યશાયા ૩૧:૫ – ઈશ્વર તમને છોડાવે છે**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૧૦૭:૨૦; યશાયા ૪૬:૪; યર્મિયા
૧૫:૨૦; ૩૯:૧૭; ૨ કરિંથી. ૧:૯,૧૦

**12** **યશાયા ૩૩:૫ – ઈશ્વરનો ન્યાય**
**મનન માટેના વચનો :** ૨ કાળ. ૧૨:૬; ગીતશાસ્ત્ર ૧૦૩:૬;
લૂક ૧૮:૭,૮; રોમનોને પત્ર ૩:૨૫,૨૬

**13** **ગીતશાસ્ત્ર ૯૧:૧૧ – દૂતો તમારું રક્ષણ કરો**
**મનન માટેના વચનો :** ઉત્પત્તિ ૨૪:૪૦; નિર્ગમન ૨૩:૨૦; દાનિયેલ
૬:૨૨; પ્રેરિતોના કૃત્યો ૧૨:૧૧

**14** **હઝકિયેલ ૩૪:૨૬ – મોસમમાં વરસાદ**
**મનન માટેના વચનો :** લેવીય ૨૬:૪; યોએલ ૨:૨૩; પુન.૧૧:૧૪

**15** **યર્મિયા ૩૧:૧૩ – શોક આનંદમાં બદલાઈ જશે**
**મનન માટેના વચનો :** એસ્તેર ૯:૨૧-૨૩; ગીતશાસ્ત્ર ૩૦:૧૧;
યોહાન ૧૬:૨૦-૨૪

**16** **ગીતશાસ્ત્ર ૩૫:૨૭ – સાજાપણાનો આશીર્વાદ**
**મનન માટેના વચનો :** નિર્ગમન ૨૩:૨૫; અયૂબ ૪૨:૧૦-૧૨;
નીતિવચનો ૧૦:૬; માર્ક ૫:૨૫-૩૪

**17** **યશાયા ૬૦:૭ – મહિમામય ઈશ્વર**
**મનન માટેના વચનો :** લેવીય ૯:૧-૬; ગીતશાસ્ત્ર ૩:૩;
યશાયા ૧૧:૧-૧૦; કલોસ્સીઓને પત્ર ૧:૨૭

**18** **લૂક ૧:૩૭ – ઈશ્વરને સર્વ શક્ય છે**
**મનન માટેના વચનો :** અયૂબ ૪૨:૨; ગીતશાસ્ત્ર ૩૩:૯;
યર્મિયા ૩૨:૧૭, ૨૭

**19** **ગીતશાસ્ત્ર ૯૪:૧૨ – ઈશ્વર આપણને તેમનો માર્ગ શીખવે છે**
**મનન માટેના વચનો :** ૧ રાજાઓ ૮:૩૬; ગીતશાસ્ત્ર ૨૫:૯; ૨૭:૧૧;
૧૪૩:૧૦; યશાયા ૪૮:૧૭

**20** **માથ્થી ૫:૮ – શુદ્ધ હૃદય**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૨૪:૪; ૫૧:૧૦; નીતિવચનો
૨૨:૧૧; હઝકિયેલ ૩૬:૨૫-૨૭; યાકૂબનો પત્ર ૪:૮

**21** **યશાયા ૬૦:૧૫ -સર્વકાળ વૈભવ**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૧૧૯:૧૧૧; યશાયા ૩૫:૧૦;
૬૧:૭; દાનિયેલ ૧૨:૨

**22** **યશાયા ૪૩:૨૧ – પ્રભુની સ્તુતિ થાઓ**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૯:૧; ૧૦૦:૪; ૧૪૮:૨;
યશાયા ૧૨:૪; હિબ્રૂઓને પત્ર ૧૩:૧૫

**23** **યશાયા ૫૪:૧૨ – ઈશ્વર દ્વારા સુશોભિત**
**મનન માટેના વચનો :** અયૂબ ૨૬:૧૩; યર્મિયા ૩૧:૪;
યશાયા ૬૧:૧૦; પ્રકટીકરણ ૨૧:૨

**24** **યશાયા ૫૮:૧૪ – ઈશ્વરની હાજરીમાં આનંદ**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૧૬:૧૧; ૨૧:૪-૬;
પ્રેરિતોના કૃત્યો ૨:૨૮; યહૂદાનો પત્ર ૨૪

**25** **યશાયા ૧૨:૨ – તારણનો દેવ**
**મનન માટેના વચનો :** નિર્ગમન ૧૫:૨; ગીતશાસ્ત્ર ૬૨:૨;
દાનિયેલ ૩:૨૮,૨૯; મીખાહ ૭:૭; રોમનોને પત્ર ૧૦:૯,૧૦

**26** **યશાયા ૬૦:૧૮ – દિવાલો મધ્યે સુરક્ષિત**
**મનન માટેના વચનો :** પુન. ૩૨:૧૦-૧૩; ગીતશાસ્ત્ર ૧૨૧:૩-૮;
યશાયા ૪૯:૧૬; ઝખાર્યા ૨:૮


**27** **ગીતશાસ્ત્ર ૯૧:૧૪ – ઈશ્વર તમને બચાવે છે**
**મનન માટેના વચનો :** નિર્ગમન ૬:૬,૭; ૨ શમુએલ ૨૨:૧૮-૨૦;
ગીતશાસ્ત્ર ૧૦૭:૬; પ્રેરિતોના કૃત્યો ૭:૧૦

**28** **યશાયા ૬૧:૬ – ઈશ્વર દ્વારા સન્માનિત**
**મનન માટેના વચનો :** ૧ શમુએલ ૧૮:૩૦; ૧ કાળ. ૪:૯,૧૦;
૨૯:૧૨; યોહાન ૧૨:૨૪-૨૬

**29** **નાહૂમ ૧:૭ – ઈશ્વર તમને ઓળખે છે**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૧૩૯:૧,૨; યર્મિયા ૧:૫; લૂક ૧૬:૧૫

**30** **યશાયા ૬૨:૧ – ઈશ્વર ચૂપ રહેશે નહિ**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૧૦૨:૧૭; રૂથ ૩:૧૮;
યશાયા ૬૫:૬; ૬૨:૬-૭

**31** **ગીતશાસ્ત્ર ૯૧:૨ – યહોવા તમારો આશરો છે**
**મનન માટેના વચનો :** ૨ શમુએલ ૨૨:૨; ગીતશાસ્ત્ર ૯૧:૯,૧૦;
યર્મિયા ૧૬:૧૯; યોએલ ૩:૧૬


આ માધ્યમો દ્વારા દિનાકરન પરિવાર વચનોના સત્યોને સમજાવે છે અને તમારા માટે પ્રાર્થના કરે છે
Facebook:Jesus Calls page  Youtube: Subscribe to JesusCalls
Website: www.jesuscalls.org  Family Channel Mobile App
Family Channel: Online at www.familychannel.org
cable TV networks
દરરોજ આ માધ્યમો દ્વારા તે જુઓ અને આશીર્વાદો પ્રાપ્ત કરો



# ચમત્કાર કરનાર પ્રભુ

"વિશ્વાસ કરનારને તો સર્વ શક્ય છે."
માર્ક ૯:૨૩

તમને પ્રભુ પર વિશ્વાસ કરવામાં ઉત્તેજન પ્રાપ્ત થાય તે માટે કેટલીક સાક્ષીઓ આપેલી છે. તમે પ્રભુને વિનંતી કરશો ત્યારે તે તમારા જીવનમાં ચમત્કાર કરશે. અશક્ય બાબતોની અપેક્ષા રાખો.

## *સારી તંદુરસ્તી પ્રાપ્ત કરી*

મેં મારા ભાઈ માટે પ્રાર્થના વિનંતી આપી હતી. પ્રભુએ તે પ્રાર્થનાઓનો ઉત્તર આપ્યો છે અને હવે મારા ભાઈએ સારી તંદુરસ્તી પ્રાપ્ત કરી છે. હું સઘળો મહિમા પ્રભુને જ આપું છું. ડૉ.પૉલ દિનાકરનની પ્રાર્થનાઓ માટે હું તેમનો આભાર માનું છું. **-લિલી કેરોલ દેવડિગા**

## *યુનિવર્સિટીમાં પ્રવેશ પ્રાપ્ત કર્યો*

પ્રભુએ મારા દીકરાને તેના કૉલેજના અભ્યાસ માટે માર્ગ કરી આપ્યો તે માટે હું પ્રભુની સ્તુતિ કરું છું અને પ્રભુનો આભાર માનું છું. તેને યુનિવર્સિટીમાં પ્રવેશ પ્રાપ્ત થયો છે. ડૉ.પૉલ દિનાકરન તથા જીસસ કૉલ્સના પ્રાર્થના મધ્યસ્થોનો તેમની પ્રાર્થનાઓ માટે હું આભાર માનું છુ. જેઓ મારા દીકરા માટે બોજ સાથે પ્રાર્થના કરતા હતા તે દરેકનો હું આભાર માનું છું.

- **મેરી ન્વબુનોર,** ચિકો, કેલિફોર્નિયા


## ગર્ભાધાનના ચમત્કારીક પરિણામો

મેં પ્રભુને વિનંતી કરી હતી કે તે મને ગર્ભાધાનના સારા સમાચાર આપે. મેં થોડા અઠવાડિયાઓ પહેલાં જ ડૉ.પૉલ. દિનાકરનને અને બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરનને ફેસબુક પાર એક જીવંત કાર્યક્રમ દરમ્યાન કોમેન્ટ કરીને પ્રાર્થના વિનંતી આપી હતી. જ્યારે બે દિવસ પછી મેં તપાસ કરાવી ત્યારે મને જાણવા મળ્યું કે હું ગર્ભવતી છું. પ્રભુએ કરેલા આ ચમત્કાર માટે હું પ્રભુનો આભાર માનું છું. સઘળો મહિમા પ્રભુને જ હોજો.

- **સુગંધિ સિવાસાકરન,** અબુ ધાબી, યુ.એ.ઈ.

## *માથાના સતત દુ:ખાવામાંથી સાજાપણું*

મને માથામાં સખત દુ:ખાવો થતો હતો. અગાઉના દિવસની જેમ મેં દુ:ખાવાનું શમન થાય તેની ગોળી લીધી અને એવા વિચારે સૂઈ ગઈ કે બીજા દિવસે મને સારું થઈ જશે. પરંતુ બીજા દિવસે હું ઉઠી ત્યારે મને વધારે દુ:ખાવો થતો હતો અને ઉલટી પણ થવા લાગી. દુ:ખાવો વધ્યો હતો અને તેના લીધે મને ચિંતા થવા લાગી હતી, કેમ કે થોડા વર્ષો પહેલાં મને આવો જ દુ:ખાવો થયો હતો અને મગજમાં લોહીની ગાંઠની સારવર લેવી પડી હતી. હું ડૉક્ટર પાસે ગઈ અને સી.ટી. સ્કેન કરાવ્યું. મારું મન ભંગીત હતું અને હું મારા સાડા ચાર વર્ષના દીકરાની અને મારા પતિની પણ કાળજી લઈ શકતી નહોતી અને ઘરના કામકાજ કરી શકતી નહોતી. હું પથારીવશ હતી, ઉલટી કર્યા કરતી હતી અને દુ:ખાવાને લીધે લગભગ પાંચ દિવસ અને રાત બૂમો પાડ્યા કરતી હતી. મેં નિર્ણય કર્યો કે હું જીસસ કૉલ્સના ઑસ્ટ્રેલિયામાં આવેલા પ્રાર્થના ભવનમાં ફોન કરીશ, અને મેં ફેસબુક દ્વારા ફોન નંબર પ્રાપ્ત કર્યો. પ્રાર્થના મધ્યસ્થે ફોન ઉપાડીને મારા માટે



બોજસહિત પ્રાર્થના કરાવી અને વિશ્વાસ આપ્યો કે તેમણે પ્રાર્થનામાં શત્રુને નસાડી દીધો છે અને જાહેર કર્યું કે સી.ટી. સ્કેનનો રિપોર્ટ નોર્મલ આવશે. એ જ વિશ્વાસે હું રિપોર્ટ લેવા ગઇ અને તેમાં એવું નિદાન કરવામાં આવ્યું હતું કે કોઇ જ ગંભીર બાબત નથી. જીસસ કૉલ્સના પ્રાર્થના મધ્યસ્થનો તેમની પ્રાર્થના અને ઉત્તેજનને માટે હું આભાર માનું છું. સઘળો મહિમા પ્રભુને જ હોજો.


- **દિપિકા એમ.** ઑસ્ટ્રેલિયા

## *બાળકો આશીર્વાદિત થયા*

મેં મારા બાળકોના અભ્યાસ માટે પ્રાર્થના વિનંતી આપી હતી. ડૉ.પૉલ દિનાકરને ઉત્તેજન આપતાં વચનો અને તેમની પ્રાર્થનાઓની ખાતરી આપતો પ્રત્યુત્તર આપ્યો હતો. મારા બંને બાળકો તેમની પ્રાર્થનાઓથી આશીર્વાદિત થયા છે. મારી દીકરીને એન.આઇ.એફ.ટી.માં પ્રવેશ મળ્યો છે અને મારો દીકરો ડૉક્ટર બન્યો છે. પ્રભુ ઈસુની સ્તુતિ થાઓ.

- **મરિના રભા,** તેઝપુર, આસામ

## *કોવિડ-૧૯માંથી સાજાપણું*




મારી દીકરી દિવ્યા અને તેના પરિવારજનોએ રસી લીધી નહોતી પણ ટેક્સાસમાં સામાન્ય જીવન જીવી રહ્યા હતા. તેમનો દીકરો એરિક ૧૬ વર્ષનો છે અને દીકરી જોઆન્ના ૧૩ વર્ષની છે. તેઓ તેમની રજાઓ દરમ્યાન ૫ દિવસો માટે જુવાનો માટેના એક કેમ્પમાં ગયા હતા. તેઓ પાછા ફર્યા પછી બીમાર થયા હતા. તેમને એવો ફોન આવ્યો હતો કે તેમણે જે કેમ્પમાં ભાગ લીધો હતો તેમાં એક છોકરાને કોરોનાની અસર હતી. મારી દીકરી અને પુત્રવધુને પણ કોવિડના લક્ષણો હતા. મેં કોરોના પ્રતિકાર પ્રાર્થના જૂથમાં તથા જીસસ કૉલ્સના વ્હોટ્સએપ ગ્રુપમાં પ્રાર્થના વિનંતી આપી હતી. પ્રભુનો આભાર માનું છું કે તે અસરો ગંભીર નહોતી અને તેઓ પ્રભુની કૃપામાં ઝડપથી સાજા થયા. પ્રાર્થના મધ્યસ્થોને માટે પ્રભુની સ્તુતિ થાઓ. પ્રભુના નામને મહિમા થાઓ.

**– સિન્થિયા સાથિયારાજ,** ચેન્નાઇ

## *લગ્ન નક્કી થયા*

મને મારા દીકરાના લગ્નની ચિંતા હતી અને મેં તેના માટે ડૉ.પૉલ દિનાકરનને પ્રાર્થના વિનંતી મોકલી હતી. વહાલા ભાઇએ પ્રાર્થના કરીને ઉત્તેજન આપતો પ્રત્યુત્તર આપ્યો હતો અને પ્રભુએ મારા દીકરા માટે યોગ્ય જીવનસાથી પૂરી પાડી છે. હું ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરનનો તેમની પ્રાર્થનાઓ માટે આભાર માનું છું. - **ડેનિયેલ ટેન્નિસન,** બેંગાલુરુ

## *કોવિડ-૧૯માંથી સાજાપણું*



૨૨ ફેબ્રૂઆરીના રોજ મારો કોવિડ-૧૯નો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. મારા મમ્મીએ તરત જ પ્રાર્થના ભવનમાં સંપર્ક કરીને મારા માટે પ્રાર્થના કરાવી હતી. પ્રાર્થના મધ્યસ્થે મારો ફોન નંબર અને ઇ-મેઇલ આઇ.ડી. નોંધી લીધું હતું અને ડૉ.પૉલ દિનાકરનને મોકલ્યું હતું જેથી તેઓ મારા માટે પ્રાર્થના કરી શકે. પછી મને ડૉ.પૉલ દિનાકરન તરફથી ગી.શા. ૨૩:૧-૪ વચનો સાથે તેમની પ્રાર્થનાઓની ખાતરી ભરેલો ઇ-મેઇલ પ્રાપ્ત થયો હતો. અમે ઘણા વર્ષોથી સામયિક પ્રાપ્ત કરીએ છીએ. જ્યારે હું બીમાર હતી ત્યારે તેમાં આપેલા દૈનિક વચનોને હું વાંચતી હતી. હું દવાખાને તપાસ કરાવવા જતી વખતે એ વચનોનો દાવો કરીને પ્રાર્થના કર્યા પછી જ જતી હતી. દરરોજ સાંજે હું પ્રાર્થના મધ્યસ્થને ફોન કરીને પ્રાર્થના કરાવતી હતી. મારા માતા-પિતાને પણ અસર ન થાય તે માટે હું ચિંતા કરતી હતી. પ્રાર્થના મધ્યસ્થો પ્રાર્થના કરાવતા અને મારા સાજાપણા તથા મારા પરિવારના રક્ષણ માટે ઉત્તેજન આપતા હતા. હું ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરનનો ફેસબુક પર જે જીવંત કાર્યક્રમ હતો તેમાં જોડાઇ હતી અને તેમની સાથે પ્રાર્થનામાં જોડાઇ હતી. બાર દિવસ પછી મારો કોવિડનો રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો. પ્રભુએ મારા પરિવારને સલામત રાખ્યું તે માટે હું પ્રભુનો આભાર માનું છું અને જીસસ કૉલ્સ મિનિસ્ટ્રીની સહાય તથા ઉત્તેજન માટે હું તેમનો પણ આભાર માનું છું.

- **ડોરોથી,** આસામ


**તમારો ચમત્કાર પણ હાથવેંતમાં છે**

અમને તમારી પ્રાર્થનાઓ paul@jesuscalls.org પર (અથવા)

PRAYER TOWER, ૧૬, Dr. D.G.S. DHINAKARAN ROAD, CHENNAI ૬૦૦ ૦૨૮ સરનામે મોકલી શકો છો.

તમે પ્રાપ્ત કરેલા છુટકારા કે આશીર્વાદની સાક્ષીઓ અમને testimony@jesuscalls.org પર અથવા વ્હોટ્સએપ નંબર (૯૭૯૧૯૩૪૪૪૨) પર અથવા અમારા સરનામે મોકલી શકો છો.




કોઈમ્બતુરમાં કોવિડની મફત રસી ડ્રાઈવ

# પ્રેમથી પડોશીની સેવા કરીએ છીએ

કોરોના વાયરસથી રક્ષણ માટે કોવિડની રસી મહત્વનું માધ્યમ છે. વૈશ્વિક મહામારી વિરુદ્ધની આ લડાઈમાં તમિલનાડુની સરકાર મફત રસીકરણના કાર્યક્રમો દ્વારા લોકોને રસી લેવા માટે ઉત્તેજન આપી રહી છે અને આ રસી ઝડપથી લેવા માટે ગ્રામીણ વિસ્તારોના લોકોમાં જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરી રહી છે.

સીશાએ તમિલનાડુની સરકારની સાથે મળીને ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ કોઈમ્બતુરના જીસસ કૉલ્સના પ્રાર્થના ભવનમાં અને સીશા કારુણ્યા કોમ્યુનિટી હોસ્પિટલ દ્વારા સિરુવની વિસ્તારના ગામોમાં સીશા મોબાઈલ ક્લિનિક દ્વારા રસીકરણ ડ્રાઈવનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન સેંકડો લોકોએ મફત રસી લીધી હતી. સીશા કારુણ્યા કોમ્યુનિટી હોસ્પિટલની ટીમે દરેક વિસ્તારોમાં રસી આપી હતી.

સમુદાયના સભ્યોએ મફત રસીકરણ માટે તમિલનાડુ સરકારનો અને સીશાનો આ કાર્યક્રમનું આયોજન કરવા બદલ આભાર માન્યો હતો.



*રસીકરણ ડ્રાઈવ કોવાઈ વિસ્તારને કોવિડ મુક્ત કરવાનું પગલું છે!!*



# “આનંદ વહેંચવાથી વધે છે...”

બીજા લોકોને તમે જે મૂલ્યવાન ભેટ આપી શકો એ તો આનંદની ભેટ છે. આપણે તહેવારના સમયની આતુરતાથી રાહ જોઈએ છીએ ત્યારે આવો, આપણે ભારતમાં ખૂબ જ ગરીબીમાં જીવી રહેલા સેંકડો બાળકોને યાદ કરીએ, જેમના માટે આ વૈશ્વિક મહામારીના સમયમાં નવાં અને સારાં વસ્ત્રો પહેરવાં એક સ્વપ્ન અને પડકાર છે.

દર વર્ષે અમે સીશા દ્વારા ભારતભરમાં ૧ લાખ બાળકોને નવાં વસ્ત્રો આપીને તેમની સાથે અમારો આનંદ વહેંચીએ છીએ. આ નાનાં બાળકો માટે અમે આ ખાસ સમયને માટે તૈયારી કરી રહ્યાં છીએ ત્યારે તમે પણ અમારી સાથે આ વંચીત બાળકોના ચહેરાઓ પર આશા, સન્માન અને આનંદ લાવવા માટે અમારી સાથે જોડાઓ.

૬00/- રૂપિયાનો નાનો સહયોગ આપવા દ્વારા તમે એક જોડ નવાં વસ્ત્રો આપીને વંચીત બાળકોને તહેવારના આ સમયે પ્રેમ પ્રગટ કરી શકો છો.

તમે નીચે જણાવ્યા મુજબ સહયોગ આપી શકો છો –

* **૧ બાળકને નવાં વસ્ત્રો આપવાનું યોગદાન - ૬00/- રૂપિયા**
* **૧0 બાળકને નવાં વસ્ત્રો આપવાનું યોગદાન - ૬000/- રૂપિયા**
* **૧00 બાળકને નવાં વસ્ત્રો આપવાનું યોગદાન – ૬0,000/- રૂપિયા**

SCAN TO DONATE

TAX-EXEMPTED

You can contribute through G Pay, Paytm, pay

044 66660000
9300600600

www.seesha.org
info@seesha.org

SEESHA house No.37, Gandhi Road, Tambaram (West), Chennai - 600045

# આશીર્વાદિત તેલ


તમારામાં શું કોઇ બીમાર છે? જો હોય તો તેણે મંડળીના વડીલોને બોલાવવા, અને તેઓએ પ્રભુના નામથી તેઓને તેલ ચોળીને તેને માટે પ્રાર્થના કરવી. અને વિશ્વાસ સહિત કરેલી પ્રાર્થના બીમારને બચાવશે... ન્યાયી માણસની પ્રાર્થના પરિણામે બહુ સાર્થક થાય છે. (યાકૂબનો પત્ર ૫:૧૪,૧૫)



- ✦ દરેક પ્રાર્થના ભવનોમાં મફતમાં આપવામાં આવે છે
- ✦ આશીર્વાદિત તેલમાં કોઇ ચમત્કારીક સામર્થ્ય નથી, આ ફક્ત એક બાઇબલ આધારીત કાર્ય છે
- ✦ તે પ્રતિકાત્મક રીતે અભિષેકને દર્શાવે છે, અને જે લોકો માટે પ્રાર્થના કરવામાં આવે છે તેઓ સાજાં થાય છે અને છુટકારો પામે છે

પ્રાર્થના મધ્યસ્થો દવાખાનામાં કે ઘરે જે લોકો બીમાર હોય તેમને આશીર્વાદિત તેલ ચોળીને તેમના માટે પ્રાર્થના કરાવે છે

**ફક્ત બાહ્ય ભાગ પર લગાવવા માટે જ ઉપયોગ કરવો**



**આશીર્વાદિત તેલ ચોળીને પ્રાર્થના કરવા દ્વારા આશીર્વાદિત થયેલા એક બહેનની સાક્ષી નીચે મુજબ છે:**

મારો દીકરો ૨૦ મહિનાનો છે. તે તંદુરસ્ત છે પણ તે ચાલી શકતો નહોતો. મેં તેના માટે પ્રાર્થના કરાવવા માટે જીસસ કૉલ્સના વિજયવાડામાં આવેલા પ્રાર્થના ભવનની મુલાકાત લીધી હતી. પ્રાર્થના મધ્યસ્થે આશીર્વાદિત તેલ ચોળીને તેના માટે પ્રાર્થના કરાવી હતી. મેં ઘરે જઇને તે તેલ તેના ઘૂંટણોમાં લગાવીને પ્રાર્થના કરી હતી. અમારા દીકરાએ તે જ દિવસથી કોઇની પણ મદદ વગર ચાલવાની શરૂઆત કરી. હું પ્રાર્થના મધ્યસ્થનો તેમની પ્રાર્થના માટે આભાર માનું છું અને પ્રભુએ મારા દીકરાના જીવનમાં આશીર્વાદિત તેલના ઉપયોગ દ્વારા ચમત્કાર કર્યો છે તેના માટે પ્રભુને મહિમા આપું છું.

**- એન. ઉષા રાની,** યેર્રુપલેમ, તેલંગાણા

***તમે આશીર્વાદિત તેલની સેવાને માટે તેલ અથવા નાણાકીય સહયોગ આપી શકો છો. અમારા ઉદાર દાનો વડે જે લોકો આશીર્વાદિત થશે તેના બદલામાં પ્રભુ તમને સારું પ્રતિફળ આપશે.***

# છુટકારાનો દિવસ

## દિવ્ય જોગવાઇ અને રક્ષણ

"હું ઉપવાસ કરીને, ટાટ ઓઢીને તથા રાખ ચોળીને પ્રાર્થના તથા વિનંતીઓ કરીને શોધન કરવાને મારું મુખ પ્રભુ ઈશ્વર તરફ રાખી રહ્યો." (દાનિયેલ ૯:૩)



**૨૩ ઑક્ટોબર ૨૦૨૧ના દિવસે**


૨૩ ઑક્ટોબર ૨૦૨૧ના દિવસે ડૉ.પૉલ અને તેમના પરિવારજનો તથા જીસસ કૉલ્સના પ્રાર્થના મધ્યસ્થો તમારા માટે ઉપવાસ સાથે પ્રાર્થના કરશે. છુટકારાના આ દિવસે આ સમયની ખાસ જરુરિયાતને ધ્યાનમાં રાખીને પ્રભુ તમારી નાણાકીય જરુરિયાતો તથા સંકટોથી તમને રક્ષણ પૂરું પાડે તે માટે ખાસ પ્રાર્થનાઓ કરવામાં આવશે. તમારા નજીકના વિસ્તારમાં આવેલા પ્રાર્થના ભવનમાં તમારી પ્રાર્થના વિનંતીઓ આપો અથવા તો પત્રો, ઈ-મેઇલ, ફેસબુક કે વેબસાઇટ દ્વારા અમને તમારી વિનંતી મોકલો. દિનાકરન અને પ્રાર્થના મધ્યસ્થો તમારા માટે પ્રાર્થના કરે પછી પ્રભુ તરફથી મળેલ પ્રત્યુત્તર તમને મોકલવામાં આવશે.

સરનામું : Dr. Paul Dhinakaran, 16, Dr. D.G.S. Dhinakaran Road, Chennai 600028.
ઈ-મેઇલ : paul@jesuscalls.org વેબસાઇટ: www.jesuscalls.org ફેસબુક : www.facebook.com PaulDhinakaranOfficial
જો તમે સાક્ષી આપવા માગો છો તો અમને અમારા ઈ-મેઇલ આઇ.ડી. testimony@jesuscalls.org પર અથવા WhatsApp number: (૯૭૯૧૯૩૪૪૪૨) પર મોકલો.

**New book written by**
*Sister Stella Dhinakaran*

*A Family life* **united with Christ**

(સ્ટેલા દિનાકરન દ્વારા લિખિત પુસ્તક)



(ફક્ત તમિલ ભાષામાં જ ઉપલબ્ધ છે)

સ્ટેલા દિનાકરને તેમના ભાઇ દિનાકરન સાથેના ૪૮ વર્ષના વૈવાહિક જીવનમાં અનુભવેલા દિવ્ય અનુભવો અને જે આશીર્વાદો પ્રાપ્ત કર્યા તેના ઉદાહરણો જણાવે છે

**૧૦૦/- રૂ**
(પોસ્ટ દ્વારા પ્રાપ્ત કરવા ૩૦ રૂ. ખર્ચ વધારાનો ખર્ચ થશે)

**જીસસ કૉલ્સના બધા જ પ્રાર્થના ભવનોમાં અને ખ્રિસ્તી બુક સ્ટોલ પર ઉપલબ્ધ છે**

આજે જ તમારી પ્રત પ્રાપ્ત કરો...!
તમારા વહાલાંઓ પણ આ પુસ્તક દ્વારા આશીર્વાદિત થાય તે માટે તેમને પણ જણાવો

**આ પુસ્તક પ્રાપ્ત કરવાની રીતો:** તમારા મની ઑર્ડર અથવા ચેક True Friend Management Support Service PVT. LTD , New Number 73, Old No. 22, Greenways Lane, Raja Annamalaipuram, Chennai ૬૦૦ ૦૨૮ સરનામે મોકલો.
● ઑનલાઇન ખરીદી કરવા માટે: www.truefriendshoppe.app વધુ વિગતો માટે: ફોન: ૭૩૩૮૭૭૭૭૭૭ ઈ-મેઇલ: info@truefriend.co.in

પરિવાર
માટેનો વિભાગ



# સંપૂર્ણ પિતા

મારા વહાલા મિત્ર, પ્રભુની પાસે તમારા માટે સુંદર વચન છે. ગી.શા. ૧૦૩:૧૩ માં બાઈબલ કહે છે કે,

**"જે પિતા પોતાના છોકરાં પર દયાળુ છે, તેમ યહોવા પોતાના ભક્તો પર દયાળુ છે."**

ઈશ્વર હંમેશા પોતાને પૃથ્વી પરના પિતાની સાથે સરખાવે છે, પણ તે પોતાને સંપૂર્ણ પિતા કહે છે (માથ્થી ૫:૪૮) કેમ કે તેમની કરુણા નિષ્ફળ જતી નથી. ઈસુએ ઉડાઉ દીકરાની વાત કરી હતી જેણે તેના પિતા પાસેથી તેનો વારસો માગ્યો હતો અને તે વારસો લઈને જગતની લાલસાઓ પાછળ વ્યર્થ ઉપયોગ કર્યો હતો. પણ જ્યારે તેને તેની ભૂલ સમજાઈ ત્યારે તે તેના પિતાની પાસે એવો વિચાર કરીને પાછો આવ્યો કે તેના પિતા તેને સ્વીકારશે. આપણે લૂક ૧૫:૨૧-૨૩માં વાંચીએ છીએ કે, દીકરાએ એમ કહ્યું હતું કે, "પિતાજી, મેં આકાશ સામે તથા તમારી આગળ પાપ કર્યું છે; હવે હું તમારો દીકરો કહેવાવાને યોગ્ય નથી." પણ તેના પિતાએ આપણા સ્વર્ગીય પિતાના ઉદાહરણરૂપે



- બહેન ઈવેન્જલિન પોલ દિનાકરન
evangeline@jesuscalls.org

એમ કહ્યું હતું કે, “સારામાં સારો જામો જલ્દી કાઢીને એને પહેરાવો! એને હાથે વીંટી પહેરાવો, પગમાં જોડા પહેરાવો! અને પાળેલા વાછરડાને લાવીને કાપો કે, આપણે ખાઇને આનંદ કરીએ.”

હા મારા મિત્ર! આપણા સ્વર્ગીય પિતાનું મન આવું છે અને તેથી તે સંપૂર્ણ પિતા છે. જ્યારે તમે તેમની પાસે દોડી જાઓ અને તમારા પાપોની માફી માગો ત્યારે તે તમારી પાસે આવે છે અને તમને તમારા પાપોની માફી આપે છે. કેમ કે પોતાના બાળક તરીકે તે તમને ચાહે છે અને ભરપૂર કૃપા કરે છે.

એક ૮૦ વર્ષના વ્યક્તિ તેમના ઘરમાં તેમના ૪૫ વર્ષના અતિ શિક્ષિત દીકરા સાથે સોફા પર બેઠા હતા.

અચાનક એક કાગડો તેમની બારી આગળ બેઠો.

પિતાએ પ્રશ્ન પૂછ્યો કે, “એ શું છે?

પુત્રએ ઉત્તર આપ્યો કે, “તે કાગડો છે.”

થોડી મિનિટો પછી પિતાએ બીજી વાર પૂછ્યું કે, “એ શું છે?

દીકરાએ ઉત્તર આપ્યો કે, “પપ્પા, હમણાં જ મેં તમને કહ્યું કે તે કાગડો છે.”

થોડી વાર પછી વૃદ્ધ પિતાએ ફરીથી એ જ પ્રશ્ન ત્રીજી વાર પૂછ્યો કે, “એ શું છે?”

આ સમયે તેમના દીકરાએ ચિડાઇને થોડા કઠણ અવાજમાં ઉત્તર આપ્યો કે, “એ કાગડો છે, કાગડો છે, કાગડો...”

થોડી વાર પછી ફરીથી તેના પિતાએ ચોથી વાર એ જ પ્રશ્ના પૂછ્યો કે, “એ શું છે?”

આ સમયે દીકરાએ તેના પિતા પર ગુસ્સે થઇને મોટેથી ઘાંટો પાડીને કહ્યું કે, “તમે કેમ એકનો એક પ્રશ્ન વારંવાર પૂછ્યા કરો છો? મેં કહ્યું ને કે એ કાગડો છે. શું તમને સમજ પડતી નથી?”

થોડી વાર પછી પિતા તેમના ઓરડામાં ગયા અને તેમની જૂની ડાયરી લઇને પાછા આવ્યા, જેમાં તેમણે તેમના દીકરાના જન્મ પછીની વાતો લખી હતી. તેમણે તેમના દીકરાને શરૂઆતના પાનું વાંચવાનું કહ્યું. જ્યારે તેણે તે વાંચ્યું ત્યારે નીચે પ્રમાણેના શબ્દો લખ્યા હતા :-

## પ્રભુ તમને ઉંચકી લેશે, તમારી સંભાળ રાખશે અને સંપૂર્ણ પિતા તરીકે તમારા પ્રત્યે કરુણાળુ રહેશે.

“આજે મારો દીકરો ત્રણ વર્ષનો થયો અને મારી સાથે સોફા પર બેઠો છે, જ્યારે બારી પર કાગડો આવીને બેઠો ત્યારે તેણે ૨૩ વાર મને પૂછ્યું કે એ શું છે? અને મેં તેને ૨૩ વાર તેનો ઉત્તર આપ્યો કે એ કાગડો છે. જ્યારે પણ તેણે મને એકનો એક પ્રશ્ન ૨૩ વાર પૂછ્યો ત્યારે મેં તેને પ્રેમથી આલિંગન કર્યું અને તેનો ઉત્તર આપ્યો. હું તેનાથી ચિડાઇ ગયો નહિ. પણ મને તો મારા નિર્દોષ દીકરા પ્રત્યે પ્રેમની લાગણી થઇ.”

હા, પિતાની ધીરજની ગમે એટલી કસોટી કરવામાં આવે પણ તેમની તેમના બાળકો પ્રત્યેની કરુણા ક્યારેય ખૂટતી નથી.

કદાચ તમે વિદ્રોહી બાળકના માતા-પિતા હશો. પ્રભુ તમને તમારા બાળક પ્રત્યે કરુણાળુ થવા માટે મદદ કરો. કદાચ તમે એવા દીકરા કે દીકરીના વાલી હશો જેઓ તેમના વૃદ્ધ માતા કે પિતા પ્રત્યે ધીરજ રાખતા નથી. તમારા માતા-પિતા તરીકેનો અને સ્વર્ગીય પિતાનો પ્રેમ તમને તેમના પ્રત્યે ધીરજ રાખવાની ફરજ પાડો. કદાચ તમે તમારા માતા-પિતાને ગુમાવ્યા હશે, પણ હંમેશા યાદ રાખો કે ઈશ્વર તમને માર્ગદર્શન આપવા અને તમારી જરૂરિયાતો પૂરી પાડવા માટે હંમેશા તમારી સાથે જ છે. હા, પ્રભુ તમને ઉંચકી લેશે, તમારી સંભાળ રાખશે અને સંપૂર્ણ પિતા તરીકે તમારા પ્રત્યે કરુણાળુ રહેશે. જે હાથોએ ૫૦૦૦ ને જમાડ્યા, જે હાથો ચકલીની પણ સંભાળ રાખે છે, જે હાથોમાંથી તમારા માટે રક્ત વહેવડાવવામાં આવ્યું અને તમને પોતાના હાથોમાં કોતરી લીધા છે (યશાયા ૪૯:૧૬) તે પોતાના મહિમાની સંપત પ્રમાણે તમારી જરૂરિયાતો પૂરી પાડશે અને પોતાના સ્વર્ગીય અને સંપૂર્ણ દાનો આપશે (યાકૂબનો પત્ર ૧:૧૭).

**હું આશા રાખું છું કે આ સંદેશાથી તમે આશીર્વાદિત થયા છો. તમારા પ્રતિભાવો અને ઈશ્વરના નામને મહિમા આપવા માટે તમે જે આશીર્વાદો પ્રાપ્ત કર્યા હોય તેની સાક્ષી અમને feedback@jesuscalls.org પર મોકલો.**




# ચિહ્નો અને ચમત્કારોનું સ્થાન

**હા, જેઓ તેમના જીવનની ભંગીત પરિસ્થિતિમાં પ્રાર્થના ભવનમાં પ્રભુ પાસેથી ચમત્કારની આશા સાથે સંપર્ક કરે છે તેમના જીવનોમાં પ્રભુ ચિહ્નો અને ચમત્કારો કરે છે. જરૂરિયતમંદ લોકોની સાથે સંમત થઈને પ્રાર્થના મધ્યસ્થો પ્રાર્થના કરાવે છે અને પ્રભુ તેના ઉત્તરો આપે છે. એવા જ ચિહ્નો અને ચમત્કારોની સાક્ષીઓ અત્રે પ્રસ્તુત છે.**

## અમદાવાદ પ્રાર્થના ભવન





સરનામું : Jesus Calls Prayer Tower
Gujarat Chamber of Commerce Compound,
Land Mark : Near Vijay Sales & Croma,
Ashram Road, Ahmedabad - ૩૮૦ ૦૦૯,
ફોન નંબર : ૦૭૯-૬૬૧૪૪૪૦૧ / ૦૭૯-૨૬૫૮૫૮૫૦

સૌ પ્રથમ તો હું ઈશ્વરપિતાનો ખૂબ જ આભાર માનું છું. પ્રભુએ મને અને મારા કુટુંબીજનોને સાચવી રાખ્યા છે અને દરેક કાર્યમાં સહાય અને મદદ કરી છે. મારું નામ વર્ષાબેન પ્રમોદભાઈ સરપોટા છે. હું એક શિક્ષિકા છું. મારે નોકરીના ૨૮ વર્ષ થયા છે. ૨૮ વર્ષની નોકરી દરમ્યાન ઈશ્વરપિતાએ સહાય તથા મદદ કરી છે તે માટે હું પ્રભુનો ખૂબ જ આભાર માનું છું. ગત વર્ષે ૧૪/૦૬/૨૦૨૦ના રોજ મને દુઃખાવો થયો હતો. અમે દવાખાને ગયા અને તપાસ કરાવી તો તે પથરીનો દુઃખાવો હતો. તે દુઃખાવો અસહ્ય હતો. ઘણી જ તકલીફ થતી હતી. દવાખાને જઈને ઈંજેક્શન લઉં અને બાટલા ચડાવવામાં આવે ત્યાં સુધી સારું લાગતું હતું પણ પછી ફરીથી દુઃખાવો થતો હતો. સખત તકલીફ થતી હતી. હું અને મારું કુટુંબ સતત પ્રાર્થના કરતા હતા. અમે અમદાવાદ પ્રાર્થના ભવન સાથે જોડાયેલા છીએ. મારા પતિ પ્રમોદભાઈએ મારા માટે પ્રાર્થના વિનંતી આપી ત્યારે પ્રાર્થના ભવનમાંથી મારા માટે પ્રાર્થના કરાવી. અમને ખૂબ જ હિંમત અને આશ્વાસન આપ્યું હતું. મને ૧૦ એમ.એમ.ની પથરી હતી. ડૉક્ટરે એમ કહ્યું હતું કે ઑપરેશન કરવું પડશે. દરરોજ અમે પ્રાર્થના ભવનમાં અમારા માટે પ્રાર્થના કરાવતા હતા ને પ્રાર્થના મધ્યસ્થો અમારા માટે પ્રાર્થના કરાવતા હતા. ૧ વર્ષ સુધી મને ઘણી જ તકલીફ થઈ. શાળામાં પણ મને દુઃખાવો થાય ત્યારે દવાખાને જવું પડતું હતું. સતત પ્રાર્થના અને વિશ્વાસ દ્વારા ૨૧/૦૪/૨૦૨૧ના રોજ મારી પથરી નીકળી ગઈ. હું ઈશ્વરપિતાનો ખૂબ જ આભાર માનું છું. પ્રભુ પર વિશ્વાસ રાખવા દ્વારા અને સતત પ્રાર્થના દ્વારા મારા જીવનમાં આ ચમત્કાર થયો છે તે માટે હું ઈશ્વરપિતાનો તથા જીસસ કૉલ્સ પ્રાર્થના ભવનનો આભાર માનું છું. ત્રણેય બાળકોને પ્રભુએ અભ્યાસમાં સહાય અને મદદ કરી છે તે માટે હું પ્રભુનો આભાર માનું છું. **- વર્ષાબેન સરપોટા પ્રમોદમાર્ટિન,** ઝાલોદ, ગુજરાત

## વ્યારા પ્રાર્થના ભવન




સરનામું : Jesus Calls Prayer Tower
Unai Cross Road, Near Kapura Panchal Engineering Works,
Old National Highway, No.6 AT/Post ,
Vyara Dist - Tapi, Gujarat - ૩૯૪૬૫૦
ફોન નંબર : +૯૧ ૬૩૮૦૭૫૨૨૨૫ / ૦૨૬૨૬ - ૨૨૧૨૩૪

### માથાના દુઃખાવામાંથી સાજાપણું

મને છેલ્લા ૩ માસથી માથામાં સખત દુઃખાવો થઈ રહ્યો હતો. મેં બધા જ પ્રકારની સારવાર લીધી, રીપોર્ટ કરાવ્યા અને આખરે સી.ટી. સ્કેન કરાવ્યું પણ બધા જ રીપોર્ટ નોર્મલ આવ્યા હતા. તેથી મેં વ્યારામાં આવેલા જીસસ કૉલ્સના પ્રાર્થના ભવનમાં ફોન કર્યો હતો. મેં મારી પ્રાર્થના વિનંતી આપી અને મારા માટે ફોન પર પ્રાર્થના કરાવવામાં આવી. પ્રભુની સ્તુતિ થાઓ. મને તે જ દિવસે સાજાપણું મળ્યું. હું પ્રભુનો ખૂબ જ આભાર માનું છું. મારા માટે પ્રાર્થના કરાવનાર પ્રાર્થના મધ્યસ્થનો હું આભાર માનું છું.

**- સુનિલ જતિનભાઈ ગામીત,** ગામ પાટી, વ્યારા

## વ્યારા પ્રાર્થના ભવન

### સરકારી નોકરી પ્રાપ્ત થઈ

પ્રભુ ઈસુના પ્રેમી નામમાં સલામ સાથે જણાવવા માગું છું કે હું સ્ટાફ નર્સ માટેની સરકારી પરીક્ષા આપવાની હતી. તે સમયે મેં વ્યારામાં આવેલા જીસસ કૉલ્સના પ્રાર્થના ભવનમાં આવીને પ્રાર્થના વિનંતી આપી. પ્રાર્થના મધ્યસ્થોએ મારા માટે બોજ સાથે પ્રાર્થના કરાવી. પ્રભુની કૃપાથી હું આ પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ. મેરિટમાં મારું નામ આવ્યું અને નજીકના સ્થળે મને સરકારી નર્સની નોકરી પ્રાપ્ત થઈ છે તે બદલ હું પ્રભુનો આભાર માનું છું. હું જીસસ કૉલ્સની સેવાઓ માટે જીસસ કૉલ્સનો આભાર માનું છું.

**- દિપીકા સોમાભાઈ રાઠોડ,** વ્યારા




સરનામું : Jesus Calls Prayer Tower
Unai Cross Road, Near Kapura Panchal Engineering Works,
Old National Highway, No.6 AT/Post ,
Vyara Dist - Tapi, Gujarat - ૩૯૪૬૫૦
ફોન નંબર : +૯૧ ૬૩૮૦૭૫૨૨૨૫ / ૦૨૬૨૬ - ૨૨૧૨૩૪

## મેંગાલુરુ પ્રાર્થના ભવનની સાક્ષી, કર્ણાટક



સરનામું : Jesus Calls Prayer Tower
Kaces Campus, Behind Kudla Hotel,
Near Jyothi Circle, Balmatta, Mangaluru - 575001
ફોન નંબર : ૦૮૨૪-૨૪૪૨૩૨૧ / ૬૩૮૦૭૫૨૨૧૫

### ગંભીર ઈજામાંથી સાજાપણું

મને ભોંયતળિયા પર પડી જવાને લીધે મારા માથામાં, હાથમાં અને પગમાં વાગ્યું હતું. મને મારા શરીરના જમણા ભાગમાં સખત દુઃખાવો થતો હતો. મેં ઘણી દવાઓ લીધી હતી પણ દુઃખાવો દૂર થયો નહોતો. ડૉક્ટરે મને મારા માથામાં ગંભીર ઈજા થઈ છે કે નહિ તે જોવા માટે સ્કેન કરાવવાની સલાહ આપી હતી. સ્કેન કરાવવા જતાં પહેલાં મેં મેંગાલુરુમાં આવેલા જીસસ કૉલ્સ પ્રાર્થના ભવનમાં ફોન કર્યો હતો અને એક પ્રાર્થના મધ્યસ્થે મારા માટે પ્રાર્થના કરાવી હતી અને કહ્યું હતું કે, "પ્રભુ ચોક્કસપણે તમને સાજા કરશે. બધા રીપોર્ટ નોર્મલ આવશે." જ્યારે મેં મારા રીપોર્ટ પ્રાપ્ત કર્યા ત્યારે મારા માથામાં

અને ગળામાં બધું જ સામાન્ય હતું. મેં નોર્મલ રીપોર્ટ માટે પ્રભુનો આભાર માન્યો અને મારા માટે પ્રાર્થના કરાવનાર પ્રાર્થના મધ્યસ્થનો પણ હું આભાર માનું છું. હું સઘળો મહિમા સર્વશક્તિમાન પ્રભુને જ આપું છું. હું જીસસ કૉલ્સ મિનિસ્ટ્રીનો આભાર માનું છું. **- સુજા ડી'સોઝા,** ઉડુપી, મેંગાલુરુ

## ભાઈ ડી.જી.એસ.દિનાકરન સ્મારક પ્રાર્થના ભવનની સાક્ષી, ચેન્નાઈ

**અતિઘણો આશીર્વાદ**

ત્રણ વર્ષ પહેલાં થયેલા એક અકસ્માતને લીધે મારા બંને પગ ભાંગી ગયા હતા. તેથી મેં વીમો મેળવવા માટે અરજી કરી હતી અને ઘણા સમયથી તે પ્રાપ્ત થવાની રાહ જોતી હતી. તેને પરિણામે, હું મારા બાળકોના શિક્ષણ માટે ટ્યુશન ફી પણ ભરી શકતી નહોતી. હું વ્યક્તિગત રીતે ભાઈ ડી.જી.એસ.સ્મારક પ્રાર્થના ભવનમાં ગઈ અને પ્રાર્થના કરાવી. એક દિવસે હું મારા ઘરમાં બાઈબલ વાંચી રહી હતી ત્યારે પ્રભુએ મને કહ્યું કે, ''તારા બાળકોને પ્રાર્થના ભવનમાં લઈ જા અને યુવા સહભાગી પ્રાર્થના મિશનમાં સહભાગી બનાવ.'' તે મુજબ મેં મારા બંને બાળકોને યુવા સહભાગી બનાવ્યા. તરત જ પ્રભુએ કામ કરવાની શરૂઆત કરી અને મને ત્રણ જ દિવસમાં વીમાના નાણાં પૂરાં પાડ્યાં. તે રકમ ૧૫,૦૦૦/- રૂપિયા હતી જે મારા માટે પૂરતી તો નહોતી. તેથી મેં પ્રભુને પ્રાર્થના કરી કે, ''ઈસુ, હું મારા બંને બાળકોના ટ્યુશનની ફી આ રકમમાંથી ભરી શકતી નથી; હું વિશ્વાસ કરૂં છું કે તમે મારા માટે મોટાં કામો કરશો.'' પ્રભુએ મને અદ્દભુત રીતે ૫૦,૦૦૦ રૂપિયા પ્રાપ્ત કરવા માટે મદદ કરી અને હું બંને બાળકોની ફી ભરી શકી. હું પ્રભુની લાખોલાખ સ્તુતિ કરું છું. મારા માટે પ્રાર્થના કરાવનાર પ્રાર્થના મધ્યસ્થનો હું આભાર માનું છું. **- રેખા સેલ્વમ, ચેન્નાઈ**



સરનામું : Bro. D.G.S. Dhinakaran Memorial Prayer Tower,
16, Dr. D.G.S. Dhinakaran Road, Chennai 600028
ફોન નંબર : 044-23456630

## રાષ્ટ્રીય પ્રાર્થના ભવન, દિલ્લી

**આત્મિક આશીર્વાદોથી તરબોળ**



સરનામું : National Prayer Tower
5th Floor, CNI Bhawan, No. 16 Pandit Pant Marg
New Delhi - 110001
ફોન નંબર : 011-44600601 / 8826340044

૨૦૧૧માં હું એક એવા સ્થાનની શોધ કરી રહ્યો હતો જ્યાં હું મારા બપોરના ભોજનના વિરામ સમયે પ્રાર્થના કરી શકું. સદ્દભાગ્યે પ્રભુએ મને રાષ્ટ્રીય પ્રાર્થના ભવન બતાવ્યું અને હું દરરોજ મારા બપોરના ભોજનના વિરામના સમયે ત્યાં આવવા લાગ્યો. હું પ્રભુની સ્તુતિ કરતો અને દેશોને માટે પ્રાર્થના કરતો. મેં અહીં આવીને પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું ત્યારે પ્રભુએ મને વધુ અસરકારક રીતે પ્રાર્થના કરતાં શીખવ્યું. મેં મારા જીવનમાં ઘણા બદલાણો જોયાં. મારી ઑફિસના, કુટુંબના અને સેવાના લોકોએ મારા જીવનમાં ઈશ્વરની હાજરી જોઈ. જ્યારે હું પ્રાર્થના ભવનમાં કે દેવળમાં પ્રચાર કરૂં છું ત્યારે તેમાં અગાઉના કરતાં તફાવત દેખાય છે. હું પ્રાર્થના ભવન દ્વારા આત્મિક રીતે વૃદ્ધિ પામ્યો છું. મેં સરકારી ઉચ્ચ અધિકારીઓને પણ મારી પાસે પ્રાર્થના ભવનમાં પ્રાર્થના કરાવવા આવતાં જોયાં છે. રાષ્ટ્રીય પ્રાર્થના ભવન ખરેખર દેશને માટે આશીર્વાદનું કારણ છે. **- ખગિનલાલ ચંગ,** દિલ્લી


તમારા માટે પણ મોટાં ચમત્કારો થઈ શકે છે!
પ્રાર્થનાની સહાય માટે તમારા વિસ્તારમાં આવેલા જીસસ કોલ્સ પ્રાર્થના ભવનની મુલાકાત લો.
તમારા વિસ્તારમાં આવેલા પ્રાર્થના ભવનનું સરનામું જાણવા માટે અમારી વેબસાઇટ ની મુલાકાત લો : www.jesuscalls.org

- પ્રાર્થના ભવનના ચેપલમાં મનન અને વ્યક્તિગત પ્રાર્થના કરી શકાય છે.
- ટેલિફોન પર પ્રાર્થનાની સહાય પ્રાપ્ત કરવા માટે ૦૪૪ – ૪૫ ૯૯૯ ૦૦૦ નંબર પર ફોન કરો. (બધી જ ભાષાઓમાં)
- તમારી દરેક જરૂરિયાતો માટે ડૉ. પૌલ દિનાકરનની રેકોર્ડ કરેલી પ્રાર્થનાઓ સાંભળવા માટે ૦૪૪ – ૪૫ ૯૯૯ ૦૦૦ નંબર પર ફોન કરો (તમિલ અને અંગ્રેજી ભાષામાં)

# યહોવાએ બાંધેલું ઘર



- બહેન સ્ટેલા દિનાકરન

આ દિવસોમાં મોટા ભાગના કુટુંબો વિવિધ સમસ્યાઓ, ઝઘડા અને અશાંતિને લીધે આશીર્વાદોથી વંચિત છે. પરંતુ ગી.શા. ૩૪:૧૦ કહે છે કે, "જેઓ યહોવાને શોધે છે, તેમને કંઇ સારા વાનાંની અછત હોશે નહિ." આ વચન મુજબ એવા દંપત્તિઓ પણ છે, જેઓ પ્રભુએ બાંધેલા કુટુંબ તરીકે ખુશ છે અને તેમના પૂરા હૃદય અને મનથી પ્રભુને શોધે છે. તેથી, આવો, હવે આપણે જોઇએ કે, "કેવી રીતે યહોવાએ બાંધેલા ઘર તરીકે આશીર્વાદિત કૌટુંબિક જીવન જીવી શકાય?"

બાઇબલ સુંદર રીતે કહે છે કે,

**"જો યહોવા ઘર ન બાંધે, તો તેના બાંધનારાનો શ્રમ મિથ્યા છે."** (ગી.શા. ૧૨૧:૧)

આવો, આપણે જોઇએ કે પ્રભુ પર ભરોસો રાખીને આપણે કેવી રીતે આપણું ઘર/કુટુંબ બાંધી શકીએ!

## ખડક પર બાંધેલું ઘર

**"તે એક ઘર બાંધનાર માણસના જેવો છે કે, જેણે ઊંડું ખોદીને ખડક પર પાયો નાખ્યો. જ્યારે રેલ આવી, ત્યારે તે ઘરને નદીનો સપાટો લાગ્યો, પણ તે તેને હલાવી ન શક્યો; કેમ કે તે સારી રીતે બાંધેલું હતું."** (લૂક ૬:૪૮)

**"એ માટે જે કોઇ મારી આ વાતો સાંભળે છે, ને પાળે છે, તેને એક ડાહ્યા માણસની ઉપમા આપવામાં આવશે કે, જેણે પોતાનું ઘર ખડક પર બાંધ્યું; અને વરસાદ વરસ્યો, ને રેલ આવી, ને વાવાઝોડાં થયાં, ને તે ઘર પર સપાટા લાગ્યા; પણ તેનો પાયો ખડક પર નાખેલો હતો, માટે તે પડ્યું નહિ."** (માથ્થી ૭:૨૪,૨૫)

દાઉદ ગી.શા. ૭૧:૩માં કહે છે કે,

**જેમાં હું નિત્ય જઇ શકું એવો મારા રહેવાને માટે તું ગઢ થા; તેં મને તારવાને આજ્ઞા આપી છે, કેમ કે તું મારો ખડક તથા કિલ્લો છે.**

હાન્ના ૧ શમુએલ ૨:૨માં કહે છે કે, "અમારા ઈશ્વર જેવો બીજો ખડક નથી." પુનર્નિયમ ૩૨:૪માં મૂસા કહે છે કે, "તે તો ખડક છે, તેનું કામ સંપૂર્ણ છે." દાઉદ તેના ૨ શમુએલ ૨૩:૩માં તેના અંતિમ શબ્દોમાં કહે છે કે, 'ઇસ્રાએલનો ખડક' અને ગી.શા. ૮૯:૨૬માં આપણે વાંચીએ છીએ કે, 'તારણનો ખડક.' જો આપણે ઈસુ ખ્રિસ્તે આપણા માટે સિદ્ધ કરેલું દિવ્ય તારણ પ્રાપ્ત કરીશું અને આપણા કૌટુંબિક જીવનનો પાયો આપણા આશીર્વાદોના આપનાર પ્રભુ કે જે આપણા ખડક છે તેમના પર નાખીશું તો આપણે આપણા જીવનમાં દરેક પ્રકારના આશીર્વાદો પ્રાપ્ત કરીશું.

બાઇબલમાં એક મોઆબી સ્ત્રી રૂથની વાત છે, જે માહલોનની પત્ની હતી. માહલોનના પિતાનું નામ અલીમેલેખ અને માતાનું નામ નાઓમી હતું. માહલોનનું મરણ થયું તેથી રૂથ વિધવા થઇ હતી. એવી જ રીતે અલીમેલેખ અને તેના બીજા દીકરા કિલ્યોનનું પણ મરણ થયું. રૂથ અને નાઓમી બંને વિધવા થયા હતા. રૂથે

નાઓમીનો ઈશ્વર પ્રત્યેનો પ્રેમ જોયો અને દુઃખદ પરિસ્થિતિમાં પણ ઈશ્વરને તેના તારનાર તરીકે સ્વીકાર્યા અને ઈસ્રાએલના પ્રભુની પાંખો તળે આશ્રય લીધો. બીજા શબ્દોમાં કહીએ તો ઈસ્રાએલના પ્રભુ તેના જીવનનો પાયો બની ગયા. તેને પરિણામે, પ્રભુએ જાતે તેના ભંગીત જીવનને સુંદર રીતે બાંધ્યું. રૂથને બોઆઝની પત્ની બનવાનો લહાવો પ્રાપ્ત થયો, તે તો તેનો નજીકનો સગો અને એક ધનવાન માણસ હતો. સર્વથી વિશેષ તો આપણે બાઈબલમાં વાંચીએ છીએ કે તેનું નામ ઈસુની વંશાવળીમાં નોંધેલું છે (માથ્થી ૧:૫). હા, રૂથે પ્રભુને તેના જીવનનો પાયો બનાવ્યા હતા, તેથી તેણે પ્રભુ પાસેથી પ્રતિફળ પ્રાપ્ત કર્યું.

એક કુટુંબમાં પિતાનું નિધન થવાને લીધે મોટી દીકરીએ તેના નાના ભાઈ-બહેનોના લગ્ન કરાવવાની જવાબદારી લીધી, કેમ કે તેની નોકરી સારી હતી. તે સમય સુધીમાં તો તેની પોતાની ઉંમર વધી અને તેના લગ્ન થતા નહોતા. છતાં પણ ચિંતા કરવાને બદલે તેણીએ ગી.શા. ૧૨૧:૧ મુજબ પ્રભુની સહાય શોધી અને પ્રભુને તેના તારનાર તરીકે સ્વીકાર્યા અને પ્રભુ પર જ પૂરો ભરોસો રાખ્યો. એક દિવસે એક પાળક તેના ઘરે એક માણસને લઈને આવ્યા. તે માણસ તો પરદેશમાં કામ કરતો હતો અને પાળકને તેના માટે ઈશ્વરનું ભય રાખનાર છોકરી શોધવાની વિનંતી કરી હતી. પાળકને આ છોકરી યાદ આવી તેથી તે આ માણસને તેના ઘરે લાવ્યા હતા. પ્રભુએ તેને આશીર્વાદ આપ્યો અને તેના લગ્ન સારી રીતે થયા. તેણીએ પ્રભુ ઈસુને તેના જીવનનો પાયો બનાવ્યો હતો તેથી તેણીએ આશીર્વાદિત જીવન પ્રાપ્ત કર્યું.

જેમના લગ્ન હજુ સુધી થયા નથી તેથી જેઓ આંસુ સારે છે એવા મારા વહાલાં બાળકો, પ્રભુનું ભય રાખીને ઉત્સાહથી તમારું જીવન પ્રભુને સોંપી દો, પ્રભુને તમારા જીવનનો ખડક અને પાયો બનાવો. દરેકના મનોને જાણનાર પ્રભુ (પ્રે.કૃ. ૧:૨૪) તમારું મન પણ જાણે છે (લૂક ૧૬:૧૫).

હા, જો તમે પ્રભુ કે જે તમારા ખડક છે તેમની આગળ વિશ્વાસુપણે અને ગંભીરતાથી ચાલશો અને તેમની ઈચ્છા પૂરી કરશો તો પ્રભુ તમને પોતાની કૃપાથી ભરશે અને આશીર્વાદિત જીવનમાં દોરશે.

**પ્રભુ ઈસુ કે જે મહિમાની આશા છે તે તમારામાં રહે છે.**

### **ન્યાયીનું ઘર** (નીતિવચનો ૩:૩૩)

**"યહોવાનો આશીર્વાદ ધનવાન કરે છે, અને તેની સાથે કંઈ ખેદ મિશ્રિત નથી."** (નીતિવચનો ૧૦:૨૨)

**"કેમ કે યહોવાએ સિયોનને પસંદ કર્યું છે; તેણે પોતાના નિવાસસ્થાનને સારુ તેને ઈચ્છયું છે. આ મારું સદાકાળનું વિશ્રામસ્થાન છે; હું અહીં જ રહીશ; કેમ કે મેં તેને ઈચ્છ્યું છે."** (ગી.શા. ૧૩૨:૧૩,૧૪)

તમારામાં રહેનાર આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત મહિમાની આશા છે (કલોસ્સીઓને પત્ર ૧:૨૭). પ્રભુ કેવી રીતે ન્યાયી લોકોને આશીર્વાદ આપ્યા વગર રહી શકે?

ગી.શા. ૫:૧૨ મુજબ પ્રભુ ન્યાયીને આશીર્વાદ આપશે અને જેમ ઢાલથી તેમ પોતાની કૃપાથી ઘેરશે. સર્વશક્તિમાન પ્રભુ તેમને પોતાની પાંખો તળે રાખીને સલામત રાખશે (ગી.શા. ૯૧:૪). ન્યાયીને માથે આશીર્વાદ ઉતરે છે (નીતિવચનો ૧૦:૬). આપણે જાણીએ છીએ કે ઈબ્રાહિમે પ્રભુઓના પ્રભુને તેના મિત્ર તરીકે સ્વીકાર્યા હતા અને પ્રભુને પસંદ પડે એવું જીવન જીવવા માટે સમર્પણ કર્યું હતું. તેથી, પ્રભુએ તેને આશીર્વાદ આપ્યો અને અદ્દભુત રીતે માન આપ્યું. આપણે નીતિવચનો ૧૦:૭માં વાંચીએ છીએ તેમ પ્રભુએ ઈબ્રાહિમનું નામ મોટું કર્યું હતું. ગી.શા. ૧૪:૫માં જણાવ્યા મુજબ "પ્રભુ ન્યાયીની પેઢીઓ સાથે હોય છે" એમ પ્રભુ ઈબ્રાહિમની પેઢી સાથે હતા. આપણે રોમનોને પત્ર ૪:૧૭-૨૧માં વાંચીએ છીએ કે ઈબ્રાહિમના સંતાનો પ્રભુમય હતા અને તેની વૃદ્ધાવસ્થામાં જ્યારે સંતાન થવાની ઉંમર વિતી જાય ત્યારે તેણે સંતાન પ્રાપ્ત કર્યું હતું. તેના સંતાનો યશાયા ૬૧:૯ મુજબ આશીર્વાદિત થયા નહોતા શું?

વહાલાંઓ, આજે તમારી જાતની પરીક્ષા કરો કે તમે તમારા ઘરને પ્રભુને પસંદ પડે એવું સ્થાન બનાવવા માટે તૈયાર છો? જો એમ કરશો તો તેના પરિણામે તમારું ઘર પ્રભુની હાજરી અને સમૃદ્ધિથી ભરાઈ જશે. મારા વહાલાંઓ, જેમણે દિવ્ય આશીર્વાદો ગુમાવ્યાં છે અને ઈશ્વરની હાજરી ગુમાવી છે અને પરીક્ષાઓ કે પરીક્ષણો મધ્યે આંસુ સારી રહ્યાં છે, જો તમે પણ તમારું જીવન પ્રભુને સોંપી દેશો અને ઈબ્રાહિમની જેમ ઈશ્વરને તમારા મિત્ર

બનાવશો, અને હંમેશા ન્યાયી જીવન જીવશો તો પ્રભુ તમને ભરપૂર આશીર્વાદોથી ભરી દેશે.

## પ્રાર્થનાનું ઘર

વચન એમ કહે છે કે, "યથાર્થીને સારુ અંધારામાં અજવાળું પ્રગટ થાય છે..." (ગી.શા. ૧૧૨:૪) આ વચન મુજબ સનાતન પ્રકાશ તરીકે પ્રભુ તમારી સાથે રહેશે (યશાયા ૬૦:૧૯).

**"જેઓ તેને વિનંતી કરે છે, જેઓ ખરા ભાવથી તેને વિનંતી કરે છે, તે સર્વની પાસે યહોવા છે."** (ગી.શા. ૧૪૫:૧૮)

જ્યારે તમે સત્યતાથી પ્રભુને પોકાર કરશો ત્યારે તે તમારા ઘરને પ્રાર્થનાનું ઘર બનાવશે. શું આપણે હંમેશા પ્રભુ તરફ લક્ષ રાખીને આપણા પ્રાર્થનામય જીવનની ઉન્નતિ કરીએ છીએ? શું આપણે માર્થાની બહેન મરિયમની જેમ પ્રભુની હાજરીમાં બેસવાનો સઆરો ભાગ પસંદ કરીએ છીએ? શું આપણે બાઇબલ વાંચન દ્વારા પ્રભુને જાણવાના જ્ઞાનમાં વૃદ્ધિ પામીએ છીએ? શું આપણે ગી.શા. ૫૦:૨૩માં વાંચીએ છીએ તેમ પ્રભુની સ્તુતિ કરવા અને પ્રભુને મહિમા આપવા માટે તૈયાર છીએ? શું તમે તમારા પૂરા મનથી અને પૂરા હૃદયથી એ વચન મુજબ પ્રભુનો આભાર માનો છો કે, 'તારું મુખ ઉઘાડ એટલે હું તે ભરીશ' (ગી.શા. ૮૧:૧૦). આપણા પ્રભુ સ્તુતિ પર બિરાજમાન દેવ છે (ગી.શા. ૨૨:૬). તમે દિવસમાં કેટલી વાર પ્રભુનો આભાર માનો છો? તેના વિષે થોડો સમય વિચાર કરો!

**પ્રભુ ન્યાયીને આશીર્વાદ આપે છે અને જેમ ઢાલથી તેમ પોતાની મહેરબાનીથી ઘેરે છે.**

## દાઉદનો અનુભવ કેવો હતો?

આપણે બાઇબલમાં વાંચીએ છીએ કે, 'હું સર્વ સમયે યહોવાને ધન્યવાદ આપીશ; મારે મુખે તેની સ્તુતિ નિરંતર થશે' (ગી.શા. ૩૪:૧) જો આપણે પણ આપણા હૃદયના ઊંડાણથી અને પૂરા મનથી પ્રભુનો આભાર માનીએ છીએ તો પ્રભુની હાજરી તરત આપણામાં ઉતરી આવશે. પ્રભુનો આશીર્વાદ તમારા જીવનમાં ભરપૂરીપણે આવશે.

એકવાર હું એકલી હતી. તરત જ હું ઘૂંટણે પડી અને મારા પૂરા હૃદયથી પ્રભુના સ્તુતિગીતો ગાવા લાગી. અચાનક પ્રભુની હાજરીથી આખી જગ્યા ભરાઇ ગઇ અને પ્રથમ વાર મને પવિત્ર આત્માનો એવો અનુભવ થયો જે મારા માથાથી પગના તળીયા સુધી ફેલાઇ ગયો. એવી જ રીતે, હું પવિત્ર આત્માના અભિષેકની રાહ જોતી હતી અને તેના માટે પ્રભુની સ્તુતિ કરતી હતી. સાંજના સમયે હું પ્રભુની આગળ ઘૂંટણે પડી અને મારા પૂરા મનથી પ્રભુનો આભાર માનતી હતી, તે સમયે અનપેક્ષિત રીતે પ્રભુએ મને પોતાના પવિત્ર આત્માથી અભિષિક્ત કરી. હું અને મારું કુટુંબ જે આનંદથી ભરાઇ ગયા હતા તે અવર્ણનિય હતો.

હા વહાલાંઓ, જો તમે પણ પ્રભુની આગળ જ્યારે પણ શક્ય હોય ત્યારે ઘૂંટણે પડો અને પ્રભુના નામની સ્તુતિ કરવામાં તમારો સમય વ્યતિત કરો તો પ્રભુ તમને પોતાની ભલાઇથી ભરપૂર કરશે. એવી જ રીતે, જ્યારે પણ સમય મળે ત્યારે વચનો વાંચો અને તેનું મનન કરો. તેમાં તમને અનંતજીવન મળશે. આપણે યોહાન ૫:૩૯માં વાંચીએ છીએ તેમ જો તમે ખંતથી બે વચન પણ વાંચશો તો પ્રભુ તમારા જીવનમાં મોટા કૃત્યો કરશે અને તમને માન આપીને ઉંચા ઉઠાવશે. મેં આ સત્યનો પણ મેં જાતે અનુભવ કર્યો છે. શરૂઆતના દિવસોમાં જ્યારે મને બાઇબલનું થોડું જ જ્ઞાન હતું ત્યારે હું જમવાનું બનાવતી વખતે મારી બાજુમાં બાઇબલ રાખતી હતી અને થોડો પણ સમય મળે તો પાંચ મિનિટ માટે પણ તે વાંચતી હતી. પ્રભુએ મારામાં આ ગંભીરતાને જોઇ, અને પોતાની સેવાને માટે મારો અદ્દભુત રીતે આ વૃદ્ધાવસ્થામાં પણ ઉપયોગ કરી રહ્યા છે. પ્રભુ મને પોતાના વચનથી દિલાસો આપે છે અને ચમત્કારીક રીતે મને દોરે છે.

વહાલાંઓ, જો આપણા જીવનમાં આપણે પ્રભુની સાથે નીકટતામાં રહેવાને મહત્વ આપીએ છીએ તો ચોક્કસપણે આપણું કુટંબ પ્રકાશિત થશે. પ્રભુના નામને આપણા દરેક કૃત્યો દ્વારા મહિમા મળશે. પ્રભુઓના પ્રભુ પોતાના હાથો લંબાવીને તમને આશીર્વાદિત કરશે અને અને તમે આ લેખને વાંચીને મૂકી દેશો નહિ પણ તેને વિશ્વાસુ અને ગંભીર મનથી અનુસરશો.

**"કયે માર્ગે તારે ચાલવું તે હું તને શીખવીશ તથા બતાવીશ; મારી નજર તારા પર રાખીને હું તને બોધ આપીશ."**

(ગી.શા. ૩૨:૮)



સવાલ - જવાબ

# “લાવણ્ય ઠગારું છે, અને સૌંદર્ય વ્યર્થ છે; પણ યહોવાનો ડર રાખનાર સ્ત્રી વખાણ પામશે.” (નીતિવચનો ૩૧:૩૦)

- બહેન સ્ટેલા દિનાકરન

## કુટુંબમાં પ્રભુમય આદરના સારા સાક્ષી બનવા માટે આપણે કઇ બાબતો કરવી જોઇએ?

**ઈશ્વરનું ભય રાખવું તે દિવ્ય ચરિત્ર છે, જે પ્રભુ તેમની કૃપામાં આપણને આપે છે. ઈશ્વરનું ભય રાખનાર દરેક સ્ત્રી ચોક્કસપણે ઉઠશે અને તેના પૃથ્વી પરના જીવનમાં ‘મૂલ્યવાન મોતીની’ જેમ પ્રકાશિત થશે. કઇ બાબતોમાં તે પ્રભુની આગળ માનપાત્ર સ્ત્રી તરીકે દેખાવી જોઇએ?**

### પ્રાર્થનામય મન

બાઇબલમાં આપણે બે બહેનો માર્થા અને મરિયમ વિશે વાંચીએ છીએ, મરિયમ હંમેશા આદરયુક્ત અને પ્રાર્થનામય મનથી પ્રભુને વળગી રહે છે. પ્રભુ ઈસુ તેના માટે એવી સાક્ષી આપે છે કે,

**“પણ એક વાતની જરૂર છે; અને મરિયમે સારો ભાગ પસંદ કર્યો છે કે, જે તેની પાસેથી લઇ લેવાશે નહિ.”**

(લૂક ૧૦:૪૨)

આવા લોકોને માટે પ્રભુનું દિવ્ય માર્ગદર્શન કેવું હશે?

**“વળી તમારામાંના કેટલાએક એવા હતા; પણ તમે પ્રભુ ઈસુને નામે તથા આપણા દેવના આત્માથી શુદ્ધ થયા, અને પવિત્રીકરણ તથા ન્યાયીકરણ પામ્યા.”**

(૧ કરિંથીઓને પત્ર ૬:૧૧)

જેઓ આ રીતે આદર સાથે પ્રભુને શોધે છે તેમને પ્રભુ શ્રેષ્ઠ ભાગ આપે છે.

૧૭ ઑગસ્ટ ૧૯૫૯માં મારા અને ભાઇ દિનાકરનના લગ્ન થયા હતા. અમારા લગ્નના બે મહિના પહેલા અમારી સગાઇ કરવામાં આવી હતી, પ્રભુએ મારા હૃદયમાં આ દિવ્ય ભય વિશે વાત કરી હતી. તે દિવસથી પ્રભુ મારો હાથ પકડીને તેમના દિવ્ય માર્ગમાં દોરી રહ્યા છે અને મારા કુટુંબનો પાયો બનીને અમારા કુટુંબને સુંદર રીતે આગળ ચલાવી રહ્યા છે.

મારા વહાલાં બહેનો, ‘પ્રભુનું ભય’ આપણા જીવનોનો પાયો છે. પ્રભુનું ભય ન હોય તો ઘણી અછતો સર્જાય છે. માર્થા પ્રભુ ઈસુ પર પ્રેમ રાખતી હતી (યોહાન ૧૧:૫) પણ તેનામાં ઈશ્વરનું ભય નહોતું. તેથી જ તે ઉત્સાહિત થઇને જગતની બાબતો વિશે ચિંતા કર્યા કરતી હતી. તેથી તેનામાં વિશ્વાસની અછત હતી. તે ઈશ્વરના ઊંડા મર્મો અને સામર્થ્યને સમજી શકી નહોતી.

મારા વહાલાં બહેનો, શું તમારામાં પણ માર્થાની જેમ ઈશ્વરનું ભય નથી અને નકામી ચિંતાઓ કરીને તમે તમારી જાતને દુઃખી કરી રહ્યા છો અને અવિશ્વાસથી કે શંકાઓથી ભરાઇ ગયા છો? શું તમે ઈશ્વરના ગૌરવને જાણી શકવાને સમર્થ ન હોવાને લીધે આંસુ સારો છો? આપણે ગી.શા. ૧૨૧:૧,૨ માં વાંચીએ છીએ કે આદર સાથે પ્રભુની હાજરીમાં બેસો અને સફળ જીવન જીવો. મરિયમની જેમ પ્રભુ ઈસુ તરફ લક્ષ રાખો ‘જ્યાંથી તમારી સહાય આવે છે’ અને પ્રભુ ઈસુને પ્રાર્થના કરો અને તેમના પર વિશ્વાસ કરો.

### આદર સાથે વચનોનું શોધન કરો

**“તમે શાસ્ત્ર તપાસી જુઓ છો, કેમ કે તેઓથી તમને અનંતજીવન છે, એમ તમે ધારો છો; અને મારે વિષે શાહેદી આપનાર તે એ જ છે.”** (યોહાન ૫:૩૯)

વચનો પવિત્ર આત્મા દ્વારા આપવામાં આવ્યા છે. પવિત્ર આત્મા કોણ છે? ૨ કરિંથીઓને પત્ર ૩:૧૭ કહે છે કે, ઈશ્વર આત્મા છે. બાઇબલ આપણને શીખવે છે કે તે આપણી સાથે વાત કરે છે. આપણે ન્યાયાધીશો ૪:૪માં વાંચીએ છીએ કે તે દિવસોમાં દબોરાહ ઈસ્રાએલનો ન્યાય કરતી હતી. તે આત્મામાં ઉત્સાહી હતી અને પ્રભુનો અવાજ સાંભળીને પ્રબોધ કરનાર પ્રબોધિકા હતી. તેણીએ ઈસ્રાએલના આગેવાન બારાકને દોરવણી આપી

હતી. બારકે તેના પોતાના બળ પર ભરોસો કર્યો નહોતો પણ તે તો દબોરાહ દ્વારા પવિત્ર આત્માની દોરવણી પ્રાપ્ત કરવા માગતો હતો, અને પ્રભુએ તેને વિજય પ્રાપ્ત કરવા માટે દોરવણી આપી હતી.

**"તારો ઉદ્ધાર કરનાર યહોવા, ઈસ્રાએલનો પવિત્ર દેવ એવું કહે છે કે, હું યહોવા તારો દેવ છું, ને તારા લાભને અર્થે હું તને શીખવું છું; જે માર્ગે તારે જવું જોઈએ તે પર તારો ચલાવનાર હું છું."** (યશાયા ૪૮:૧૭)

હા વહાલાંઓ! આજે પવિત્ર આત્મા આ વચન દ્વારા તમારી સાથે અદ્દભુત રીતે વાત કરશે. પ્રભુનું ભય રાખનાર પ્રભુના સેવકોના જીવનોને જુઓ. તેઓ પ્રભુનું વચન વાંચીને દોરવણી માટે પ્રભુ પર સંપૂર્ણ આધાર રાખે છે.

શું આપણે વાંચતા નથી કે,

**"મારા પગોને સારુ તારું વચન દીવારૂપ છે; તે મારા માર્ગને સારુ અજવાળારુપ છે."**

(ગી.શા. ૧૧૯:૧૦૫)

**"હું દુઃખમાં બહુ દબાઈ ગયો છું; હે યહોવા, તારા વચન પ્રમાણે મને જીવાડ"**

(ગી.શા. ૧૧૯:૧૦૭)

આપણે આ જગતની જે સમસ્યાઓને લીધે દુઃખી હોઈશું ત્યારે પ્રભુનું વચન આપણને દિલાસો આપશે.

**"તારા જે વચનથી મને આશા ઊપજી છે, તે વચન તારા સેવકને સારુ સંભાર. મારા દુઃખમાં મને દિલાસો મળ્યો છે કે, તારા વચને મને જિવાડ્યો છે."**

(ગી.શા. ૧૧૯:૪૯,૫૦)

શું આપણે પ્રભુના મહાન સેવક વિશે એવી સાક્ષી સાંભળી નથી કે તેમણે તેમના જીવનમાં આંસુઓભરેલી પરિસ્થિતિમાં અદ્દભુત રીતે દિલાસો પ્રાપ્ત કર્યો હતો?

અમારા કુટુંબમાં જયારે અમે વિપત્તિઓ કે સમસ્યાઓનો સામનો કર્યો ત્યારે પ્રભુએ અમને પોતાના વચનો દ્વારા દિલાસો આપ્યો છે અને યોગ્ય માર્ગમાં દોરવણી આપી છે. તેના વિષે આપણે ગી.શા. ૩૨:૮માં વાંચીએ છીએ.

**"કયે માર્ગે તારે ચાલવું તે હું તને શીખવીશ તથા બતાવીશ; મારી નજર તારા પર રાખીને હું તને બોધ આપીશ."**

(ગી.શા. ૩૨:૮)

થોડા મહિનાઓ પહેલાં અમે કેટલાક નકામા લોકોને લીધે દુઃખદ પરિસ્થિતિનો સામનો કર્યો હતો પણ પ્રભુએ પોતાના વચન દ્વારા અમને તાજગી અને નવીનીકરણ આપ્યું છે.

**"પણ યહોવા પરાક્રમી તથા ભયાનક વીર તરીકે મારી સાથે છે; તેથી જેઓ મારી પૂઠે પડે છે તેઓ ઠોકર ખાઈને પડશે, તેઓ ફતેહ પામશે નહિ; તેઓ અતિશય લજ્જિત થશે, કેમ કે તેઓ ડહાપણથી ચાલ્યા નથી. તેઓનું અપમાન કાયમ રહેશે, તે કદી ભુલાશે નહિ. પણ હે સૈન્યોના દેવ યહોવા, ન્યાયની કસોટી કરનાર ને અંતઃકરણ તથા હૃદયને પારખનાર, તેમના ઉપર કરેલો તારો પ્રતિકાર મને જોવા દે; કેમ કે મેં તારી આગળ મારી દાદ જાહેર કરી છે."**

(યર્મિયા ૨૦:૧૧,૧૨)

**પ્રભુના વચનો આપણને દિલાસો તથા સાંત્વન આપશે અને અદ્દભુત રીતે સાચા માર્ગમાં દોરશે.**

એક દિવસે જયારે અમે દુઃખદ સમયમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે હું આદરસહિત બાઈબલ વાંચી રહી હતી અને પ્રભુએ ઉપર જણાવેલ વચન દ્વારા મને મોટો દિલાસો આપ્યો હતો. પ્રભુ પોતાના વચન મુજબ આપણી સાથે રહે છે, આપણને તાજગી આપે છે અને ઊંચા ઊઠાવે છે.

**"પણ તમે મારા નામનું ભય રાખનારાઓને સારુ તો ન્યાયીપણાનો સૂર્ય ઊગશે, અને તેની પાંખોમાં આરોગ્ય હશે; તમે બહાર આવીને કોઢમાંના વાછરડાની પેઠે કૂદશો."**

(માલાખી ૪:૨)

**"તેથી, વહાલાઓ, આપણને એવાં વચન મળેલાં છે માટે આપને દેહની તથા આત્માની સર્વ મલિનતાને દૂર કરીને પોતે શુદ્ધ થઈએ, અને દેવનું ભય રાખીને સંપૂર્ણ પવિત્રતા સંપાદન કરીએ."** (૨ કરિંથીઓ ૭:૧)

વહાલાંઓ, જેઓ તેમના જીવનોમાં પ્રભુનું ભય રાખે છે, તેઓ પવિત્રતામાં અને આદર સાથે જીવન જીવે છે. આપણે યોહાનની સુવાર્તાના ચોથા અધ્યાયમાં સમરૂની સ્ત્રી વિષે વાંચીએ છીએ. તે કેવું ભયંકર અને પાપી જીવન જીવી રહી હતી. પરંતુ પ્રભુના વચન દ્વારા તેનામાં પવિત્રતા અને આદરે પ્રવેશ કર્યો હતો. શું તેના નગરના લોકોએ તેના દ્વારા ઈસુ પર વિશ્વાસ કર્યો

નહોતો? ઈસુના નીકટના શિષ્ય પિતરે બીકને લીધે ઈસુનો નકાર કર્યો હતો તે પણ ઈશ્વર માટેના આદરથી ભરાઇ ગયો હતો અને પવિત્ર આત્માથી ભરપૂર થઇને ઘણા લોકોને માટે આશીર્વાદનું કારણ બન્યો હતો. શું આપણે પ્રેરિતોના કૃત્યો ૫:૧૫માં વાંચતા નથી કે તેના પર પવિત્ર આત્માનું જે સામર્થ્ય હતું તેના દ્વારા તેના પડછાયાથી બીમારો સાજાં થયા હતા? એવી જ રીતે આપણે શાઉલ વિષે પણ વાંચીએ છીએ, જે એક સમયે ઈશ્વરની વિરુદ્ધ હતો પણ પ્રભુના સામર્થ્યને લીધે પસ્તાવો કરીને પવિત્ર આત્માના બળથી ભરાઇ ગયો હતો. જ્યારે તેના વાપરેલા રુમાલો અને વસ્ત્રો બીમારોને સ્પર્શ કરે તો તેઓ છુટકારો પામતા હતા તેના વિષે આપણે પ્રેરિતોના કૃત્યો ૧૯:૧૧,૧૨માં વાંચીએ છીએ.

**"અને જે કંઇ મારે નામે તમે માગશો, તે હું કરીશ, જેથી બાપ દીકરામાં મહિમાવાન થાય. જો તમે મારે નામે કંઇ મારી પાસે માગશો, તો તે હું કરીશ."**

(યોહાન ૧૪:૧૩,૧૪)

જ્યારે તેમણે પ્રભુના સમર્થ નામથી પ્રાર્થના કરી ત્યારે ચમત્કારો પ્રાપ્ત કર્યાં. તેનું કારણ તો પવિત્ર આત્માનો અભિષેક હતો. પ્રભુ ઈસુએ તેમને પોતાના પવિત્ર આત્માથી ભરી દીધા હતા તેના વિષે આપણે પ્રેરિતોના કૃત્યો ૧૦:૩૮માં વાંચીએ છીએ (પ્રેરિતોના કૃત્યો અધ્યાય ૨). આજે પણ પ્રભુ આદરયુક્ત ભય સાથે પ્રભુને શોધનારા તેમના સેવકોને શોધે છે અને પોતાના મહિમાને માટે તેમને પવિત્ર આત્માના સામર્થ્યથી, ફળથી અને કૃપાદાનોથી ભરી દે છે.

મારા વહાલાં પતિ ભાઇ દિનાકરન જે દિવસે તારણ પામ્યા તે જ દિવસથી આદર સાથે બાઇબલ વાંચન અને પ્રાર્થના કરતા હતા. તેથી પ્રભુએ ચમત્કારીક રીતે તેમને પોતાના દિવ્ય અભિષેકથી ભરી દીધા અને જેમ પોતાના શિષ્યોને દોરવણી આપી હતી તેમ મારા પતિને પણ પોતાના નામના મહિમાને અર્થે ચિહ્નો અને ચમત્કારો કરવા માટે અભિષેક આપ્યો. એવી જ રીતે પોતાના વચનોને ક્યારેય નિષ્ફળ ન જવા દેનાર પ્રભુ આજે પણ પોતાના સંતાનો તરીકે નીચે જણાવેલ વચન મુજબ આશીર્વાદિત કરે છે.

**"તેમનાં સંતાન વિદેશીઓમાં, ને તેમની સંતતિ લોકોમાં ઓળખાશે; જેઓ તેમને દેખશે તેઓ સર્વ કબૂલ કરશે કે, જે સંતાનને યહોવાએ આશીર્વાદ આપેલો છે તે તેઓ છે."**

(યશાયા ૬૧:૯)

**"વળી યહોવા કહે છે કે, તેમની સાથે મારો કરાર તો આ છેઃ મારો આત્મા જે તારા પર છે, ને મારાં વચનો જે મેં તારા મુખમાં મૂક્યાં છે તે તારા મુખમાંથી, તારા સંતાનના મુખમાંથી, તથા તારા સંતાનના સંતાનના મુખમાંથી હમણાંથી તે સર્વકાળ સુધી જતાં રહેનાર નથી, એમ યહોવા કહે છે."** (યશાયા ૫૯:૨૧)

**"કેમ કે દેવે આપણને ભયનો આત્મા નહિ, પણ સામર્થ્યનો તથા પ્રેમનો તથા સાવધ બુદ્ધિનો આત્મા આપ્યો છે."**

(૨ તિમોથીને પત્ર ૧:૭)

આ વચનો મુજબ પ્રભુએ આપણને પોતાના પવિત્ર આત્મા દ્વારા સામર્થ્ય, પ્રેમ અને સાવધ બુદ્ધિ આપી છે, હું ગમે તે પરિસ્થિતિમાં પ્રભુને માટે ઉઠીને પ્રકાશિત થાઉં તે માટે પ્રભુએ મને પોતાની ઇચ્છા અને આનંદ પ્રગટ કરી છે (ફિલિપ્પીઓને પત્ર ૨:૧૩) અને પવિત્ર આત્મા અદ્‌ભુત રીતે મને દોરે છે.

**ઊઠો, અને દરેક પરિસ્થિતિમાં ઈશ્વરના નામના મહિમાને માટે પ્રકાશિત થાઓ.**

૧૯૮૬માં મેં મારી ૧૭ વર્ષની દીકરીને ગુમાવી હતી, ત્યારબાદ થોડા સમય પછી પ્રભુએ મને ૧૯૮૮માં એસ્તેર પ્રાર્થના જૂથની સેવા સોંપી. તેના દ્વારા અને પવિત્ર આત્માની દોરવણી દ્વારા પ્રભુ સેંકડો પ્રાર્થના મધ્યસ્થોને, જુવાન બાળકોને, નાનાં બાળકોને અને દંપત્તિઓને દોરી રહ્યા છે અને મને પોતાના દિવ્ય આનંદ તથા આશીર્વાદોથી ભરી રહ્યા છે. પ્રભુ આદરયુક્ત ભય, ઉત્સાહ અને પવિત્ર જીવન આપીને મને તેમના નામના મહિમાને માટે વાપરી રહ્યા છે.

મારા વહાલાં બહેનો, તમારે પણ પ્રભુના આશીર્વાદોથી ભરપૂર થઇને આવું જીવન જીવવું જોઇએ. જે ઈશ્વરે શૂન્યમાંથી સઘળું બનાવ્યું છે તે તમને સામર્થ્ય, મહિમા, ગૌરવ અને આદર સાથેનું પવિત્ર જીવન આપશે અને તમારા જીવનમાં કશાની અછત હોશે નહિ.

**"કેમ કે જે કોઇ માગે છે તે પામે છે; જે શોધે છે તેને જડે છે; અને જે ઠોકે છે તેને સારુ ઉઘાડવામાં આવશે."**

(લૂક ૧૧:૧૦)

પ્રભુઓના પ્રભુ પોતાના કૃપાળુ હાથો લંબાવો અને દિવ્ય જીવન અને આનંદની આશા રાખનારા દરેક બહેનોને એવું જીવન આપશે.

# એસ્તેર પ્રાર્થના જૂથની પ્રાર્થનાઓ દ્વારા પ્રભુએ કરેલા ચમત્કારો

## સલામત આગમન



અમે દંપત્તિ એસ્તેર પ્રાર્થના જૂથ ચલાવીએ છીએ. અમે બહેન સ્ટેલા દિનાકરન દ્વારા આપવામાં આવતા દરેક મુદ્દાઓ પર પ્રાર્થના કરીએ છીએ અને તે સમય અમારા માટે આશીર્વાદનો સમય બની રહે છે. અમે પ્રભુની હાજરીનો આનંદ માણીએ છીએ. ભાઇ લેનિન અમારા પ્રાર્થના જૂથમાં આવે છે તેઓ મસ્કતમાં કામ કરે છે અને તેમના પત્નિ એડ્લિન અને તેમનું બાળક ડિપેન્ડન્ટ વિઝા પર આવ્યા હતા. લેનિનની કંપની ફેમિલી વિઝા પ્રાપ્ત કરવા માટે મદદ કરતી નથી તેથી તેમણે બીજા કોઇ શ્રોત દ્વારા તે પ્રાપ્ત કર્યા અને પછી તે એક મોટો પ્રશ્ન બની ગયો. તેમને ઓમાનમાં પ્રવાસ કરવા માટે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો. તેનાથી વિશેષ તો તેમના પત્ની અને બાળકને સ્પોન્સર કરનાર વ્યક્તિ આ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે તૈયાર નહોતા અને ઇમીગ્રેશન વિભાગ આ વાતને કોર્ટમાં લઇ ગયું. તેઓ એવી પરિસ્થિતિમાં આવી પડ્યા હતા કે કોઇ તેમના પ્રશ્નનું સમાધાન કરી શકે તેમ નહોતું અને તેમના પત્નીને લાંબા સમયની જેલ થાય એવી પરિસ્થિતિ હતી. પ્રભુ ચમત્કારીક રીતે સ્પોન્સર સાથે વાત કરે અને તેઓ આ સમસ્યાનું સમાધાન કરે તે માટે અમે પ્રભુને પ્રાર્થના કરતા હતા. પ્રભુએ અમારી પ્રાર્થના સાંભળી અને તેઓ હવે સલામત રીતે નાગરકોઇલ, ભારતમાં પહોંચ્યા છે. તેઓ અમારી પ્રાર્થના સંગતમાં ભાગ લેતા હતા અને વિશ્વાસમાં દૃઢ થયા છે. પ્રભુની સ્તુતિ થાઓ. **- શ્રીમાન અને શ્રીમતી બેન્નેટ એબેનએઝેર,** ઑમાન

## ઈશ્વરના પ્રકાશ દ્વારા બચાવ



અમે એવા કુટુંબના સભ્યો છીએ જે ઈસુના પ્રેમને જાણતું નથી. મારું કુટુંબ અને હું જીસસ કૉલ્સના સહભાગી છીએ. એક દિવસે મને એક સ્વપ્ન આવ્યું હતું જેમાં મેં વહલા માતા સ્ટેલા દિનાકરનને અમારા ઘરે આવીને આત્મિક બાબતો વિશે વાત કરતાં જોયા હતા. તે સમયથી હું આનંદથી ભરાઇ ગઇ હતી. પછી મેં તેમણે લખેલા પુસ્તક "I Saw Him" વિશે જાણ્યું અને તે ખરીદીને વાંચવા લાગી. જે દિવસથી મેં તે વાંચવાની શરૂઆત કરી તે જ દિવસથી પવિત્ર આત્માએ મને પ્રભુની વધારે નિકટતામાં જવા અને આત્મિક આશીર્વાદો પ્રાપ્ત કરવા માટે મદદ કરી. તેનાથી વિશેષ તો મેં અને મારા પતિએ આ પુસ્તક વાંચ્યા પછી નવું જીવન, દિવ્ય શાંતિ અને આનંદ પ્રાપ્ત કર્યાં છે.




**- પ્રભુને મહિમા થાઓ.** શકુંતલા, ભારત

## લાંબા સમયના વ્યસનથી છુટકારો



હું ૪૫૦૪ નંબરના એસ્તેર પ્રાર્થના જૂથમાં આગેવાની આપું છું. મારા પતિ પૉલ અરુનને તેઓ ૧૩ વર્ષના હતા ત્યારથી વ્યસન હતું. અમારા લગ્નને ૩૦ વર્ષ થયા છે. મારા લગ્ન થયા ત્યારે હું વિશ્વાસી નહોતી. હું તેમને વ્યસન છોડવાનું કહ્યા કરતી હતી પણ તેમનામાં કોઇ સુધારો થયો નહોતો. મેં ૧૦ વર્ષ પહેલાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો અને તારણ પ્રાપ્ત કર્યું તે પછી પણ હું તેમને ધૂમ્રપાન ન કરવાની સલાહ આપ્યા કરતી હતી. પ્રભુમાં ઘણા ધાર્મિક પુરુષો અને સ્ત્રીઓ તેમનું ધૂમ્રપાનનું વ્યસન છુટે તે માટે પ્રાર્થના કરતા હતા, પરંતુ તેઓ તે છોડી શકતા નહોતા.

હમણાં ત્રણ મહિના પહેલાં મારા પતિને છાતીમાં દુઃખાવો થયો અને તેમને દવાખાને લઇ ગયા. પ્રભુની કૃપા અને દયામાં કોઇ ચિંતા જેવી વાત તો નહોતી. તેમને દવાખાનામાંથી રજા આપવામાં આવી. તે સમયે હું ઘણી ચિંતિત હતી અને સતત રડ્યા કરતી હતી. એવી પરિસ્થિતિમાં મેં અમારા એસ્તેર પ્રાર્થના જૂથના એક બહેન રેચેલ ઇઝરાયલને મારી પીડા જણાવી હતી. તેમણે મારા પતિનું ધૂમ્રપાનનું વ્યસન છૂટે તે માટે પ્રાર્થના કરાવી. અમે એક મનના થઇને એક મહિનાથી પ્રાર્થના કરતા હતા, ત્યારબાદ મારા પતિએ કહ્યું કે "મારે આ સિગારેટ નથી જોઇતી. મને ઉલટી જેવું લાગ્યા કરે છે." એ જ શબ્દો બહેન રેચેલ ઇઝરાયલે અમારી પ્રાર્થનામાં વાપર્યા હતા કે મારા પતિને સિગારેટથી ધૃણા થાય. હવે પ્રભુએ મારા પતિને ધૂમ્રપાનના વ્યસનથી છુટકારો આપ્યો છે. તેઓ ખૂબ જ સક્રિય અને સજ્જનની જેમ વર્તન કરે છે. હું એસ્તેર પ્રાર્થના જૂથમાં જોડાઇ પછી દરરોજ બીજા લોકો માટે પ્રાર્થના કરું છું. હું અમને આપવામાં આવતા ૨૦ પ્રાર્થનાના મુદ્દાઓ પર સમર્પણ સાથે પ્રાર્થના કરું છું. હું બીજી સ્ત્રીઓ, બાળકો અને વડીલો માટે પ્રાર્થના કરું છું, તેમની પરિસ્થિતિઓ, બોજાઓ અને પીડાઓને મારા પોતાના સમજીને પ્રાર્થના કરું છું. પ્રભુ ચોક્કસપણે મારી પ્રાર્થનાઓના ઉત્તરો આપશે.

બહેન સ્ટેલા દિનાકરન માટે હું પ્રભુનો આભાર માનું છું. પ્રભુ તેમને અને તેમની સેવાને આશીર્વાદિત કરો. આ સેવા દ્વારા પ્રભુનો પ્રકાશ મારા કુટુંબ પર આવ્યો છે. જેમણે મારા પતિ માટે પ્રાર્થના કરી તે દરેકનો હું આભાર માનું છું. સઘળો મહિમા સર્વશક્તિમાન પ્રભુને જ હોજો.

**- એસ્તેર શાંતિ,** સિંગાપુર



# વિશ્વાસ તેને શક્ય બનાવે છે

**જુવાનો**
માટેનો વિભાગ

"જે કંઈ તમે વિશ્વાસ
**રાખીને પ્રાર્થનામાં માગશો,**
તે સર્વ તમે પામશો."



કેમ છો મિત્રો, હું આ મહિનાનું વચન તમને જણાવતાં આનંદ અનુભવું છું. હું એક પ્રશ્નથી શરૂઆત કરવા માગું છું. જ્યારે તમે પ્રાર્થના કરો ત્યારે શું તમને એવો આત્મવિશ્વાસ હોય છે કે તમને તેનો ઉત્તર મળશે કે પછી તમને સંદેહ હોય છે? તમારા મનમાં શું છે તેના વિશે વિચાર કરો. શું તમે ઈશ્વરનું સામર્થ્ય વિશે એવો સંદેહ કરો છો કે – શું ઈશ્વર મને ઉત્તર આપશે? શું પ્રભુ મને મારી માગણી પ્રમાણે આપવા માટે સમર્થ છે? તમે બીજા લોકોની સામર્થી સાક્ષીઓ સાંભળી હશે પરંતુ છતાં તમે એવો સંદેહ કરો છો કે તમારા જીવનમાં શું થશે? પ્રભુ તમારા સઘળા સંદેહોને દૂર કરવા માગે છે. આ મહિને જુવાનો માટે પ્રભુ માથ્થી ૨૧:૨૨નું વચન આપે છે.

***"જે કંઈ તમે વિશ્વાસ રાખીને પ્રાર્થનામાં માગશો, તે સર્વ તમે પામશો."***

શું તમે આ વચનનું મનન કરીને આવા વિશ્વાસના રહસ્યને શીખીને આવી પ્રાર્થનાને તમારી જીવનશૈલી બનાવવા માટે તૈયાર છો? ઉપર જણાવેલ વચન ઈસુએ તેમના શિષ્યોને આપેલો ઉત્તર છે. આવો, સંપૂર્ણ ચિત્ર પ્રાપ્ત કરવા માટે તેની ઉપર આપેલ કલમ પણ જોઈએ.

***"ઈસુએ તેઓને કહ્યું," હું તમને સાચે જ કહું છું, જઓ તમને વિશ્વાસ હોય, ને તમે સંદેહ ના લાવો, તો આ અંજીરીને જે થયું તે તમે કરશો એટલું જ નહિ, પણ જો તમે આ પહાડને કહેશો કે, તું ઉંચકાઈને સમુદ્રમાં નંખા, તો તેમ જ થશે."*** (માથ્થી ૨૧:૨૧)

## સંદેહ આણશો નહિ:

હા, મારા મિત્ર, સંદેહ વગરનો વિશ્વાસ પ્રથમ રહસ્ય છે. જ્યારે તમે આવો વિશ્વાસ રાખો છો ત્યારે તમને ખાતરી હશે કે તમારી પ્રાર્થનાઓના ઉત્તર પ્રાપ્ત થશે. ઘણીવાર દૃઢ વિશ્વાસના ઉદાહરણ તરીકે ઈબ્રાહિમની વાત કરવામાં આવે છે. ઈબ્રાહિમને સંતાન નહોતું અને તેની પત્નીની બાળક જણવાની ઉંમરે વીતી ચૂકી હતી ત્યારે પ્રભુએ તેને દીકરો આપ્યો હતો. તેણે ૨૫ વર્ષ સુધીના સમયગાળામાં ક્યારેય સંદેહ આણ્યો નહોતો. તેથી જ તેને વિશ્વાસનો પિતા કહેવામાં આવે છે.

હું તમને વિશ્વાસના ઉદાહરણ તરીકે વાસ્તવિક જીવનનું એક ઉદાહરણ જણાવવા માગું છું.

એક પાળકે તેમની સેવાની શરૂઆત કરી હતી. એક દિવસે

**સ્ટેલા રમોલા** sweety@jesuscalls.org

સાંજે તેમના ૬ વર્ષના દીકરો શાળાએથી ઘરે આવ્યો ત્યારે તેને તાવ હતો. તેમણે તેમના દીકરાને આરામ કરવાનું કહ્યું. બીજા દિવસે તેમનો દીકરો પથારીમાંથી ઊભો થઇ શકતો નહોતો અને તેની પરિસ્થિતિ વધારે બગડવા લાગી હતી. કેટલાકે કહ્યું કે તેને ટી.બી. થયો છે અને બીજા કેટલાકે કહ્યું કે તેને સંધિવા થયો છે. લોકોએ તેમના ઘરે આવીને એવા મહેણા મારવા લાગ્યા કે તેમણે તો સેવાની શરૂઆત કરી છે અને તેમના દીકરાને છેલ્લી વાર જોઇ રહ્યા છે. ૨ અઠવાડિયાનો સમય પસાર થયો પણ તેની તબિયતમાં કોઇ જ સુધારો થયો નહોતો. તે સમયે આ પાળકને બીજી એક મંડળીમાં પ્રચાર કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમણે ખૂબ જ પ્રાર્થના કરી અને પ્રભુએ તેમને જણાવ્યું કે નિર્ગમન ૧૫:૨૬ વિશે પ્રચાર કર કે, ‘‘હું તને સાજો કરનાર યહોવા છું.’’ તે પાળક તો એવા વિચારે ચિંતિત હતા કે, ‘‘જો ટોળામાંથી કોઇ એમ કહેશે કે મારો પોતાનો જ દીકરો બીમાર છે તો હું કેવી રીતે સાજાપણા વિશે પ્રચાર કરી રહ્યો છું? એમ તો ઈશ્વરના નામને બટ્ટો લાગશે. પણ તેમણે વિશ્વાસ ગુમાવ્યો નહિ અને તેમના દીકરાની પાસે બેસીને આ વચનનો દાવો કર્યો. જે ક્ષણે તેમની આંખમાંથી આંસુ તેમના દીકરા પર પડ્યું તે જ ક્ષણે પ્રભુએ તેમના દીકરાને સાજો કર્યો. પ્રભુએ તેને મરણપથારી પરથી ઊભો કર્યો અને આજે પણ તે પ્રભુના મહિમાની સાક્ષી આપે છે. તે નાનો દીકરો તો બીજો કોઇ નહિ પણ પાસ્ટર જહોનસન જોયસન છે, જેમણે એ પ્રસિદ્ધ ગીત ગાયુ છે કે, ‘‘ઉમ અઝગના કંગલ એન્નૈ કંદથલાઇ’’

ઈશ્વર પરનો સંપૂર્ણ ભરોસો આવો હોય છે. મારા મિત્ર, સંદેહ કરશો નહિ.

**સંદેહ કરશો નહિ,**

**વિશ્વાસ કરો!**

### ઈશ્વરની ઈચ્છામાં :

ઈશ્વરની ઈચ્છા પ્રમાણે પ્રાર્થના કરવી તે બીજું રહસ્ય છે. હા, બાઈબલ પણ એજ વાત કરે છે!

***‘‘જે વિશ્વાસ કરે છે કે ઈસુ ઈશ્વરના પુત્ર છે તે વગર બીજો કોણ જગતને જીતે છે?’’*** (૧ યોહાન ૫:૧૪)

જ્યારે તમે પ્રાર્થના કરો ત્યારે ઈશ્વરની ઈચ્છા શોધો અને તમારી પોતાનો સ્વાર્થ કે પૃથ્વી પરની ઈચ્છાઓને શોધશો નહિ. પ્રભુની યોજના મોટી છે, જે તમને શ્રેષ્ઠ ભવિષ્ય આપે છે. તમે બીજી શેની રાહ જુઓ છો? હવે તમે આ બે મુખ્ય રહસ્યો વિશે જાણી ચૂક્યા છો તેથી, દઢ વિશ્વાસને તમારી જીવનશૈલી બનાવો.

***પ્રાર્થના :*** **મારા પ્રેમાળ સ્વર્ગીય પિતા, આ સત્ય મને જણાવવા માટે તમારો આભાર. મારો અવિશ્વાસ દૂર કરીને મને દઢ વિશ્વાસથી ભરો. મારા જીવનમાં હંમેશા તમારી ઈચ્છા શોધવા અને તે મુજબ પ્રાર્થના કરવા માટે મદદ કરો. જ્યારે હું પ્રાર્થના કરું ત્યારે મને એવો દઢ વિશ્વાસ આપો કે તમે મારી પ્રાર્થનાઓના ઉત્તરો આપશો. પ્રભુ ઈસુના નામમાં માગું છું. આમેન.**



## સાક્ષી

હમણાં જ મેં મારી દસમા ધોરણની પરીક્ષા આપી હતી. મને ખરેખર સારા ગુણ પ્રાપ્ત થયાં અને કેરાલા બોર્ડની પરીક્ષામાં મેં એ+ ગુણ પ્રાપ્ત કર્યાં. મારી પરીક્ષાની તૈયારી કરતી વખતે હું ઘણો સંઘર્ષ કરી રહી હતી. ખલેલ પહોંચાડનારી ઘણી બાબતો હતી અને હું વિલંબ સાથે સંઘર્ષ કરી રહી હતી. તે સમયે મેં યુ ટર્નની યુ ટ્યુબ ચેનલ પર ‘‘પરીક્ષાની તૈયારીમાં ધ્યાન આપવા માટેની પ્રાર્થના’’ તે શીર્ષક હેઠળ એક કાર્યક્રમ જોયો હતો. હું ભાઇ સેમ્યુલ સાથે પ્રાર્થનામાં જોડાઇ હતી અને તેનાથી મને ઘણી સહાય પ્રાપ્ત થઇ હતી. મેં મારી પરીક્ષાની તૈયારી કરતી વખતે ઘણીવાર તે કાર્યક્રમ જોયો હતો. આ વિડિયો માટે હું પ્રભુની સ્તુતિ કરું છું. હું યુ ટર્નની સેવાઓનો આભાર માનું છું.

- પ્રિયા, કેરાલા

યુ ટર્નના ક્લબ, મિત્રો, કે ઉત્પાદનો વિષે વધારે જાણવા માટે અમારી વેબસાઇટ www.uturn.in ની મુલાકાત લો.

FOLLOW US ON: f - uturnjc  - uturnjc  - uturnjc  - uturnjc

# પ્રાર્થનાની અકાદમી અને તાલીમ

**દર્શન: દાન આપનારા સહભાગીઓ પ્રબોધ અને પ્રેરિતના અભિષેક સાથે પ્રાર્થના કરનારા સહભાગી બને**



### ૧.ઝૂમ એપ દ્વારા ''પ્રશિક્ષકોની તાલીમનો''

અને અધિકૃત પ્રશિક્ષકોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને ૫૩૯ સ્વીકૃત શિક્ષકો અને ૪૬૦ અધિકૃત પ્રશિક્ષકોને પ્રદેશ અનુસાર તાલીમ આપવામાં આવી હતી.


૨૧ જુલાઈના રોજ ડૉ પૉલ દિનાકરનના ૪૧મા તારણ દિવસે પ્રશિક્ષકોની તાલીમ પૂર્ણ થઈ હતી.

### ૨. ૨૦૦૦ સહભાગીઓને ઉભા કરવા માટે વિવિધ પ્રદેશોમાં સહભાગીઓ માટેની તાલીમના કાર્યક્રમના સેશનની શરૂઆત કરવામાં આવી હતી.

- ✦ ૨ ઑગસ્ટ ૨૦૨૧ના રોજ દક્ષિણ તમિલનાડુ અને કેરાલામાં
- ✦ ૨૩ ઑગસ્ટ ૨૦૨૧ના રોજ કર્ણાટકમાં
- ✦ ૨૬ ઑગસ્ટ ૨૦૨૧ના રોજ આંધ્ર અને તેલંગાણા તથા પશ્ચિમના પ્રદેશોમાં

સહભાગીઓની તાલીમનો કાર્યક્રમ ૬ અઠવાડિયાનો (અઠવાડિયામાં એકવાર) કાર્યક્રમ છે, અને તેનું શિર્ષક છે 'ઈશ્વર સાથે જોડાયેલા રહો', નોંધણી મફત છે, કાર્યક્રમના અંતે સહભાગીઓને પ્રાર્થના ભવનોમાં અને ટેલિફોન પ્રાર્થના ભવનોમાં સ્વૈચ્છિક પ્રાર્થના મધ્યસ્થ તરીકે જોડાવાની તક આપવામાં આવે છે. સહભાગીઓની તાલીમ માટેનો કાર્યક્રમ બધા જ પ્રાર્થના ભવનોમાં વ્યક્તિગત રીતે કે ઓનલાઈન ચાલે છે.





### ૩. ટ્રમ્પેટ પ્રાર્થના જૂથ :

TRUMPET PRAYER GROUP

૨૫ માર્ચ ૨૦૨૦ના રોજ શરુ કરવામાં આવ્યું અને તેના ૫૩૦ દિવસ પૂરા થયા છે અને હજુ ચાલુ જ છે.

ટ્રમ્પેટ પ્રાર્થના જૂથ દરરોજ બપોરે ૧:૦૦ થી ૧:૩૦ દરમ્યાન વિવિધ પ્રદેશોમાં, સુવાર્તિકો, પાળકો, કારુણ્યા અને સીશા દ્વારા ચાલે છે

**તેમાં જોડાઓ અને આશીર્વાદરૂપ બનો**

### ૪. ઈસુને જાણવા તે વિષેનો ઓનલાઈન અભ્યાસક્રમ:

'ઈસુને જાણવા' તે વિશેનો ૧૦ અઠવાડિયાનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે, જેમાં ડૉ.પૉલ દિનાકરન દ્વારા ગહન શિક્ષણના ૧૦ વિડિયો સમાવિષ્ટ છે. ૧૦૩૫ લોકોએ આ અભ્યાસક્રમ પૂરો કર્યો છે.

**તમે પણ જોડાઓ.**

ટૂંક સમયમાં

## 'ઈસુનો અવાજ સાંભળવો'

તે વિશેનો અભ્યાસક્રમ પણ શરુ કરવામાં આવશે.

વધુ વિગતો માટે
તમારા નજીકમાં આવેલા પ્રાર્થના ભવનનો સંપર્ક કરો
અથવા ફોન કરો : +91 6380752257 / +91 9789977807
વેબસાઈટ: www.jesuscalls.org
https://academy.prayertoweronline.org
ઈ-મેઈલ: prayeracademy@jesuscalls.org



Owned by Jesus Calls; Printer and Publisher - G.L.B.Ernest from 16, Dr.D.G.S. Dhinakaran Road, Chennai - 28. Printed at Thomson Press (India) Limited at A-9, Industrial Complex, Maraimalai Nagar - 603 209, Kancheepuram District, Tamil Nadu. Editor: Mrs.Stella Dhinakaran

હું ૧૯૮૮થી જીસસ કૉલ્સ સાથે સંકળાયેલી છું. મને બાળપણથી શ્વાસની સમસ્યા હતી. જ્યારે હું ૧૨મા ધોરણમાં હતી ત્યારે મેં ભાઈ ડી.જી.એસ.દિનાકરનની સભામાં ભાગ લીધો હતો અને સાજાપણું પ્રાપ્ત કર્યું હતું. મેં મારું જીવન પ્રભુ ઈસુને સોંપ્યું હતું. હું ૧૨મા ધોરણની પરીક્ષામાં પ્રભુની કૃપા દ્વારા સારા ગુણો સાથે ઉત્તિર્ણ થઈ અને મારા પરિવારની પ્રથમ વ્યક્તિ બની જે સ્નાતક થઈ છે અને ૨૭ વર્ષથી શૈક્ષણિક સ્તરે નોકરી કરી રહી છું.

# અદ્ભુત ચમત્કારો



જાનકીબહેન

મારે બે ભાઈઓ અને એક નાની બહેન છે. મારી બહેન જાનકીના લગ્નના ૭ વર્ષ થયા હોવા છતાં તેને સંતાન નહોતું. મારા મમ્મી અન્ના નગરમાં આવેલા જીસસ કૉલ્સના પ્રાર્થના ભવનમાં મંગળવારની ઉપવાસ સાથેની પ્રાર્થના સભામાં ભાગ લેતા હતા અને મારી બહેનને બાળકનું દાન પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના કરાવતા હતા. મારી બહેનની ઉંમર ૫૦ વર્ષની હતી તેથી ડૉક્ટરોએ આઈ.વી.એફ.ની સારવાર કરાવવાની સલાહ આપી હતી અને સપ્ટેમ્બર ૨૦૨૦માં તે સારવાર કરાવવા જતાં પહેલાં મારા મમ્મીએ અન્ના નગર પ્રાર્થના ભવનની મુલાકાત કરીને ત્યાં પ્રાર્થના કરાવી હતી.

> જ્યારે તેની ગર્ભાવસ્થાનો પાંચમો મહિનો હતો ત્યારે અમને જણાવવામાં આવ્યું કે બાળકોના નાકના હાડકાની રચના થઈ નથી અને તેઓ માનસિક રીતે અપંગ હોય એવા બાળકો હશે.

ચમત્કારીક રીતે મારી બહેન ગર્ભવતી થઈ. આશા નહિંવત હતી અને ઘણી સમસ્યાઓ થઈ હતી, પણ પ્રભુની કૃપામાં મારી બહેને જોડિયા બાળકોનો ગર્ભ ધર્યો હતો. દર ૧૫ દિવસે તેનું સ્કેન કરવામાં આવતું હતું.

જ્યારે તેની ગર્ભાવસ્થાનો પાંચમો મહિનો હતો ત્યારે અમને જણાવવામાં આવ્યું કે બાળકોના નાકના હાડકાની રચના થઈ નથી અને તેઓ માનસિક રીતે અપંગ હોય એવા બાળકો હશે. અમે દર અઠવાડિયે અન્ના નગર પ્રાર્થના ભવનમાં જતા અને ચમત્કાર માટે પ્રભુ પર વિશ્વાસ રાખ્યો હતો. પ્રાર્થના મધ્યસ્થોએ ખાતરી આપી હતી કે પ્રભુ કોઈ પણ જાતની ખોડ વગરનાં બાળકોને જન્મ આપશે. અમે સંપૂર્ણ ભરોસો પ્રભુ પર જ રાખ્યો હતો. અમે એ વચનનો દાવો કરતા હતા કે, “મારો ગર્ભ તમારી આંખોએ જોયો છે...” (ગીતશાસ્ત્ર ૧૩૯:૧૬). છેલ્લા સ્કેન વખતે પણ ડૉક્ટરોએ કહ્યું કે નાકના હાડકાંનો વિકાસ થયો નથી. ૧૯ મે, ૨૦૧૨ના રોજ મારી બહેને કોઈપણ જાતની ખોડ વગરની બે સુંદર દીકરીઓને જન્મ આપ્યો. બાળકોનું વચન વધ્યું અને હાલમાં તેઓ તંદુરસ્ત છે. તેમના નામ છે રોફેકા જોય અને હાન્ના જોય. મારા મમ્મીએ માનતા માની હતી કે તેઓ આ ચમત્કારની સાક્ષી અન્ના નગરના પ્રાર્થના ભવનમાં આપશે. પ્રભુએ આ અદ્ભુત ચમત્કાર કર્યો છે તેથી અમે પ્રભુને મહિમા આપીએ છીએ. અમે અમારા માટે પ્રાર્થના કરનાર અને અમને ઉત્તેજન આપનાર જીસસ કૉલ્સ મિનિસ્ટ્રીનો આભાર માનીએ છીએ.

- **યામિની શાંતિ**, ચેન્નાઈ.

**તમારી આવી જ કે અલગ જરૂરિયાત હોઈ શકે છે, પણ આપણા પ્રભુ ઈસુ એ જ છે અને તે તમારા માટે પણ ચમત્કાર કરશે.તમારા વિસ્તારમાં આવેલા પ્રાર્થના ભવનની મુલાકાત લો અને ચમત્કારનો અનુભવ કરો.**

**Jesus Calls Anna Nagar Prayer Tower**
**Door No.2/4, 2nd Floor, Teja Tower Complex**
**AC Block, Anna Nagar, Chennai-600040**
**મોબાઈલ નંબર: ૯૮૪૦૯૦૦૪૭૧**

તમારી નજીકના વિસ્તારમાં આવેલા પ્રાર્થના ભવનની માહિતી પ્રાપ્ત કરવા માટે જીસસ કૉલ્સની વેબસાઈટ www.jesuscalls.org ની મુલાકાત લો. ટેલિફોન પર પ્રાર્થનાની સહાય માટે ફોન કરો૦૪૪-૪૫ ૯૯૯ ૦૦૦ (ગમે તે સમયે, બધી ભાષાઓમાં) પ્રાર્થના મધ્યસ્થ તરીકે સ્વૈચ્છિક સેવા આપવા માટે અમને volunteer@jesuscalls.org પર ઈ-મેઈલ કરો.

Regd. Newspaper RNI No. TNGUJ/2013/56006


# Karunya

DEEMED UNIVERSITY

SOLVING HUMAN PROBLEMS

ADMISSIONS 2021 in PROGRESS





"Hailing from a small village in South Tamil Nadu, I was reborn in Karunya and it gave me a complete transformation, which helped me to give a placement for 500 people in our organisation and will be enhanced to 2500 people in 2026."

**Dr. S. Saibabu**
Chairman & Managing Director
Pollucare Engineers India Pvt Ltd.,

## Alumni Testimonial

"Karunya is a great incubator that provides higher learning, builds character and inspires students to reach for the stars"

**Jonathan Samuel**
Vice President of Sales & Marketing,
GIW Industries, USA.



Approval | Accreditation | India Ranking

Global Rating | India Rating | e-Certification

### Choose your career in:

- ENGINEERING
- AGRICULTURE
- MANAGEMENT
- BIOSCIENCES
- CRIMINOLOGY
- ARTIFICIAL INTELLIGENCE
- COMMERCE
- COMPUTER SCIENCE
- DATA SCIENCE
- FORENSIC SCIENCE
- BASIC SCIENCES
- OPTOMETRY
- MEDIA

FEW LAPSED SEATS AVAILABLE HURRY UP!

### Highlights

- A Christian Minority Institution
- Situated in a serene environment at the foot-hills of Western Ghats
- 8,000 Students & over 30,000 Alumni
- Industry Oriented Curriculum
- International Collaborations
- Wi-Fi enabled Green Campus
- Digital Library Resources
- Foreign Internships with Stipend
- Industry Certifications & Pre-Placement Training Programs
- Centre for Student Innovations, Incubation and Business start-ups
- Industry tie-up with Boeing, Siemens, CMTI India, AMZ Automotive, IBM, Solzer, Jasmin Infotech, Test & Verification Solutions, CISCO, Emurgo, NSE and L&T.

APPLY NOW!

Scan QR Code to Start the Admission Process

**Karunya Institute of Technology and Sciences,**
Karunya Nagar, Siruvani Main Road, Coimbatore - 641 114, Tamil Nadu, India.
E-mail: admissions@karunya.edu    Website: www.karunya.edu

Toll Free: 1800 425 4300